


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 156
Dt.: 16-02-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### US ટ્રેડ ડીલ અંગે અમિત શાહની પ્રતિક્રિયા

# રાહુલ ગાંધી ખોટું બોલી રહ્યા છે, કોંગ્રેસ પાર્ટી ખેડૂતોને ગેરમાર્ગે દોરી રહી છે

### ગૃહમંત્રીએ રાહુલ ગાંધીને ઓપન ચેલેન્જ આપતા કહ્યું છે કે, તેઓ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ સાથે મંચ પર વાત કરી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલ પર કોંગ્રેસ જ્યાં આક્રમક છે, તો હવે ભાજપ તરફથી ખુદ ગૃહમંત્રી અમિત શાહે મોરચો સંભાળી લીધો છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીના આરોપો પર પ્રતિક્રિયા આપતા શાહે વળતો પ્રહાર કર્યો છે.

સાથે જ તેમણે કોંગ્રેસ પર ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો છે.

ગૃહમંત્રીએ રાહુલ ગાંધીને ઓપન ચેલેન્જ આપતા કહ્યું છે કે, તેઓ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ સાથે મંચ પર વાત કરી શકે છે.


તમને જણાવી દઈએ કે હાલમાં ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત પ્રવાસે છે. તેમણે અહીં દેશની પ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત જાહેર વિતરણ પ્રણાલીનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે દાવો કર્યો કે કોંગ્રેસ જૂઠું બોલે છે અને રાહુલ ગાંધી પણ ટ્રેડ ડીલને લઈને જનતા સાથે જૂઠું બોલી રહ્યા છે.

શાહે કહ્યું કે કોંગ્રેસ અને તેમનું નેતૃત્વ જૂઠું બોલીને જનતાને ગેરમાર્ગે દોરે છે. કોંગ્રેસના શહજાદા રાહુલ ગાંધી દેશની સંસદમાં ખેડૂતોની વાત કરે છે. તમે યુપીએના ૧૦ વર્ષમાં ખેડૂતોનું કેટલું અનાજ ખરીદ્યું? અમે તમારા કરતા ૧૫ ગણું વધુ અનાજ **MSP** પર ખરીદ્યું છે. શાહે દાવો કર્યો હતો કે યુપીએના સમયે ખેડૂતોનું બજેટ ૨૬,૦૦૦ કરોડ હતું, જેને પીએમ મોદીએ વધારીને ૧,૨૯,૦૦૦ કરોડ કર્યું છે. તમે ૭૦ વર્ષમાં ખેડૂતોના લોન માફ કરીને તેમને છેતરવાનું કામ કર્યું. મોદીજી છેલ્લા ૧૦ વર્ષથી દરેક ખેડૂતના બેંક ખાતામાં ૬,૦૦૦ રૂપિયા મોકલે છે, જેથી લોન લેવાની નૌબત જ ન આવે.

ટ્રેડ ડીલ પર રાહુલ ગાંધીને ઓપન ચેલેન્જ આપતા શાહે કહ્યું, "હું રાહુલ ગાંધીજીને ચેલેન્જ કરું છું. તેઓ કોઈ પણ મંચ નક્કી કરી લે, ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ આવીને તમારી સાથે ચર્ચા કરી લેશે કે નુકસાન કોણે કર્યું છે."

આ ઉપરાંત અમિત શાહે કહ્યું કે, "હું આ મંચ પરથી ખેડૂતોને આશ્વસ્ત કરવા માંગુ છું કે રાહુલ ગાંધી જૂઠું બોલી રહ્યા છે.

મોદીજીએ બંને ટ્રેડ ડીલમાં ખેડૂતોને સુરક્ષિત રાખ્યા છે." તેમણે વધુમાં ઉમેર્યું કે તેઓ પશુપાલકો, માછીમારો અને ખેડૂતોને ખાતરી આપવા માંગે છે કે ભાજપ સરકારમાં તમારા હિતોને કોઈ નુકસાન થશે નહીં.



### ક્રિશ શાહના કહેવાથી રોનક ઠક્કરે અનેકને ફસાવ્યા

# નકલી સ્ટોક માર્કેટ, ફેક રોકાણ એપ્લિકેશન આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટના ૧૭ ઝડપાયા

### વોટ્સએપ ગ્રુપમાં જોડીને રોકાણ કરવા માટે કહેતા ને બદલામાં મોટી રકમની લાલચ આપતા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)પણજી

દિલ્હી પોલીસે આંતરરાષ્ટ્રીય સાઈબર સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે, આ સિન્ડિકેટમાં સામેલ એક મોટા આરોપી રોનક ઠક્કરની ગોવા એરપોર્ટ પરથી ધરપકડ કરી લેવામાં આવી છે. આ સાથે જ અત્યાર સુધીમાં આ મામલે કુલ ૧૭ આરોપીઓની ધરપકડ થઈ ચુકી છે. આરોપી દુબઈથી આ સિન્ડિકેટને ઓપરેટ કરી રહ્યો હતો. આ મામલામાં એક આખુ ફેક સ્ટોક માર્કેટ ઉભુ કરી દેવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. જ્યારે પોલીસે ૮૦થી વધુ સિમકાર્ડ જપ્ત કર્યા છે જેને અમદાવાદથી જારી કરાયા હતા.

રૂપિયા ૬૧.૭૨ લાખની છેતરપિંડીના મામલામાં વોન્ટેડ આ આરોપીની ધરપકડને પગલે અનેક રાજ્યોમાં ફેલાયેલા નેટવર્કનો પણ ખુલાસો થઈ ચુક્યો છે. આ મામલામાં પકડાયેલા આરોપીનું નામ રોનક જગદીશભાઈ ઠક્કર છે. વર્ષ ૨૦૨૪ના એક મામલામાં તે વોન્ટેડ હતો. પોલીસના જણાવ્યા મુજબ રાજસ્થાનના હનુમાનગઢના રહેવાસીએ પોલીસ સમક્ષ ફરિયાદ કરી હતી જેમાં તેણે દાવો કર્યો હતો કે તેની સાથે ૬૧ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે, પોતાને મેસર્સ ગ્લોબ કેપિટલ માર્કેટ લિ.ના પ્રતિનિધિઓ ગણાવીને મારી સાથે છેતરપિંડી કરાઈ હોવાનો દાવો તેણે કર્યો હતો. પીડિતને એક વોટ્સેપ ગ્રુપમાં જોડવામાં આવ્યો હતો, આવુ કરનારા પોતાને મેસર્સ ગ્લોબ કેપિટલ તરીકે ઓળખાવતા હતા, મને વોટ્સએપ ગ્રુપમાં સામેલ કરવામાં આવ્યો અને બાદમાં મને એક ફેક મોબાઈલ એપ્લિકેશન દ્વારા સ્ટોક માર્કેટમાં રોકાણ કરવા માટે કહેવામાં આવ્યું. જેના બદલામાં શરૂઆતમાં રિટર્નની મોટી લાલચ આપવામાં આવી હતી. પરિણામે તેને રોકાણ કર્યું જે ખરેખર ફેક હતું. બાદમાં તપાસ કરતા તેણે જે એપ્લિકેશનથી રોકાણ કર્યું તે જ ફેક હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં સામે આવ્યું કે ઢગે આ રૂપિયા જુનાગઢ અને શ્રીનગર સ્થિત શેલ કંપનીઓના ખાતામાં મોકલ્યા હતા. પોલીસે આ મામલે ૧૭ આરોપીઓની ધરપકડ કરી છે સાથે જ ૮૧ સિમકાર્ડ, ૨૪ મોબાઈલ ફોન, બનાવટી સ્ટેમ્પ, એમએસએમઈ દસ્તાવેજો, ચેકબૂક, સીપીયુ અને અન્ય ડિજિટલ ડિવાઈસનો સમાવેશ થાય છે. તપાસમાં સામે આવ્યું છે કે જે સિમકાર્ડોનો દુરુપયોગ થયો તેને અમદાવાદથી ઈશ્યૂ કરવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે મુંબઈ, સુરત, અમદાવાદમાં દરોડા પણ પાડયા હતા. પીડિતોને સોશિયલ મીડિયા પર ટાર્ગેટ કરાતા હતા. આ સમગ્ર સ્કેમનો કિંગપિન ક્રિશ હસમુખ ભાઈ શાહ હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ક્રિશ શાહના કહેવાથી કમિશન પર રોનક ઠક્કરે અનેકને ફસાવ્યા હતા તેવો આરોપ થયો છે.

## જમ્મુમાં પાકે. ડ્રોન વડે ફેંકેલુ ૪૦ કરોડનું હેરોઈન પકડાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

પાકિસ્તાને ભારતમાં નાર્કોટિક્સ આતંકવાદ ચાલુ કર્યો છે. તેણે જમ્મુના સરહદી વિસ્તારોમાં ડ્રોનથી ફેંકેલુ ૬.૫ કિલોગ્રામ હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું, જેની કિંમત ૪૦ કરોડ રૂપિયા થાય છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. જમ્મુના આર એસ પુરા વિસ્તારમાં બનેલા આ બનાવમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ની ૧૬૫મી બટાલિયને અને બસપુર વિસ્તારમાં નઈ બસ્તી કરોખાના ગામની પોલીસેની કાર્યવાહીમાં ડ્રોને સરહદ પર આવલા ખેતરમાં છોડેલો હેરોઈનનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસને ૧૩ અને ૧૪ ફેબ્રુઆરીના રોજ શંકાસ્પદ ડ્રોન હિલચાલની માહિતી મળી હતી, એમ પ્રવક્તાએ જણાવ્યું હતું. તેના પગલે પોલીસે બીએસએફની ટુકડી સાથે મળીને સઘન તપાસ શરુ કરી હતી. તેમા ખેતરમાં પીળા રંગના બે પેકેટ મળી આવ્યા હતા, આ પેકેટ હેરોઈનના હતા અને જપ્ત કરવામાં આવ્યા હતા. તેમની આ જપતીને માદક પદાર્થો પકડવાની સૌથી સફળ કાર્યવાહીમાં એક માનવામાં આવે છે. આના પગલે નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોપેટ્રિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

### લ્યો! અમેરિકાએ પણ સ્વીકાર્યું

# ભારતને રશિયા પાસેથી ઓઈલ ખરીદતા કોઈ રોકી શકે નહીં

### અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોના તાજેતરના નિવેદનથી સ્પષ્ટ થયું છે કે ભારત પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવામાં સફળ રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી તાજેતરની ટ્રેડ ડીલ બાદ રશિયા પાસેથી તેલ ખરીદવા મામલે ચાલી રહેલી તમામ અટકળો પર હવે પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોના તાજેતરના નિવેદનથી સ્પષ્ટ થયું છે કે ભારત પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવામાં સફળ રહ્યું છે અને રશિયા પાસેથી તેલ ખરીદવા પર કોઈ પ્રતિબંધ લાગ્યો નથી.

જર્મનીમાં આયોજિત 'મ્યુનિખ સિક્યોરિટી કોન્ફરન્સ' દરમિયાન અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોના એક નિવેદને વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચ્યું છે. રુબિયોએ સ્પષ્ટ કર્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ છતાં, ભારતે રશિયા પાસેથી તેલની ખરીદી સંપૂર્ણપણે બંધ કરવાનું કોઈ વચન આપ્યું નથી. રુબિયોએ જણાવ્યું કે ભારતે માત્ર 'વધારાના' રશિયન તેલની ખરીદી ન કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે, જેનો અર્થ એ છે કે ભારત અત્યારે જેટલા પ્રમાણમાં તેલ ખરીદી રહ્યું છે તે ચાલુ રાખી શકશે.

અમેરિકન વિદેશ મંત્રીના નિવેદનમાં વપરાયેલો 'વધારાના' શબ્દ અત્યંત મહત્ત્વનો છે. આ સાબિત કરે છે કે ભારત પર રશિયા સાથેનો વેપાર રોકવા માટે કોઈ દબાણ નથી. ભારતની ઉર્જા સુરક્ષા માટે રશિયાનું સસ્તું તેલ અનિવાર્ય છે. ભારત તેની જરૂરિયાત મુજબ રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે, પરંતુ તેની માત્રામાં ધરખમ વધારો નહીં કરે. આ એક રીતે ભારત અને અમેરિકા બંને માટે સ્વીકાર્ય એવી મધ્યમ માર્ગીય સમજૂતી છે. ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે અગાઉ પણ અનેકવાર સ્પષ્ટ કર્યું છે કે ભારતની ઉર્જા નીતિ કોઈપણ રાજકીય દબાણને આધીન નથી, પરંતુ તે કિંમત, ઉપલબ્ધતા અને જોખમ પર આધારિત છે. રશિયન તેલની આયાત જે ૨૦૨૫ના મધ્યમાં ૨૦ લાખ બેરલ પ્રતિ દિવસ હતી, તે હાલમાં ૧૨ લાખ બેરલની આસપાસ છે. આ ઘટાડો બજારની સ્થિતિ અને સપ્લાયના વિવિધ સ્ત્રોતોને કારણે છે, નહીં કે કોઈ બાહ્ય દબાણને કારણે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત સાથેના વ્યાપારી સંબંધો મજબૂત કરવા ઈચ્છે છે. આ ટ્રેડ ડીલ બાદ ભારત અમેરિકા કે વેનેઝુએલા પાસેથી પણ તેલ ખરીદી શકે છે, પરંતુ રશિયા સાથેના સંબંધોને તે જોખમમાં મૂકશે નહીં. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે પણ ભારતે સંતુલિત અભિગમ અપનાવ્યો છે, જેમાં શાંતિ મંત્રણાનું સમર્થન કરવાની સાથે પોતાના રાષ્ટ્રીય હિતો ને સર્વોપરી રાખ્યા છે. ટૂંકમાં, માર્કો રુબિયોનું નિવેદન એ વાતની કબૂલાત છે કે અમેરિકા હવે ભારતની સ્વતંત્ર વિદેશ નીતિને સ્વીકારી રહ્યું છે. ભારત પોતાની ઉર્જા જરૂરિયાતો માટે સ્વતંત્ર છે અને રશિયા પાસેથી તેલ વેપાર પર કોઈ વૈશ્વિક રોક લગાવી શકશે નહીં.

### ભારત-પાક સહિત ૧૩ દેશોને નિમંત્રણ

# બાંગ્લાદેશમાં ૧૭મીએ પ્રધાનમંત્રી પદના શપથ લેશે તારિક રહેમાન

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં બીએનપી નેતા તારિક રહેમાન ૧૭ ફેબ્રુઆરીએ સાંજે પ્રધાનમંત્રી પદના શપથ લેશે. નવી કેબિનેટના શપથ સમારોહને લઈને તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે અને તેને મોટા કૂટનીતિક આયોજન તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે.

વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર પ્રોફેસર મોહમ્મદ યૂનુસે શપથ સમારોહમાં સામેલ થવા માટે ૧૩ દેશની સરકારોના પ્રમુખોને નિમંત્રણ મોકલ્યું છે. આ પગલું બાંગ્લાદેશની નવી સરકારની વિદેશ નીતિ અને પ્રાદેશિક સંતુલનની દિશાનો સંકેત માનવામાં આવી રહ્યું છે. જે દેશોને નિમંત્રણ મોકલવામાં આવ્યું છે તેમાં ભારત, ચીન, સાઉદી અરબ, પાકિસ્તાન, તુર્કી, સંયુક્ત અરબ અમીરાત, કતર, મલેશિયા, બ્રુનેઈ, શ્રીલંકા, નેપાળ, માલદીવ અને ભૂતાન સામેલ છે. દક્ષિણ એશિયાથી લઈને પશ્ચિમ એશિયા સુધીના દેશોને એક સાથે બોલાવવા આ સમારોહને કૂટનીતિક રૂપથી મહત્વનો માનવામાં આવી રહ્યો છે.ઢાકામાં આયોજીત આ શપથ સમારોહ માત્ર ઔપચારિક કાર્યક્રમ માનવામાં આવી રહ્યો નથી, પરંતુ તેને નવી સરકારના આંતરરાષ્ટ્રીય સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે. ખાસ કરી ભારત અને ચીન બંનેને નિમંત્રણ મોકલવું પ્રાદેશિક સંતુલનના પ્રયાસના રૂપમાં જોવામાં આવી રહ્યું છે. નવી કેબિનેટની સાથે શપથ લેવા જઈ રહેલા તારિક રહેમાનની સામે ઘરેલું રાજનીતિને સ્થિર કરવા, અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા અને આંતરરાષ્ટ્રીય સંબંધોને સંતુલિત રાખવાનો મોટો પડકાર હશે. બાંગ્લાદેશ ચૂંટણીમાં ૨૦૯ સીટો પર બીએનપીએ જીત મેળવી છે. જ્યારે જમાત ગઠબંધનને ૬૮ સીટો મળી છે. કુલ ૨૯૯ સીટો પર ચૂંટણી યોજાઈ હતી. ૬૦ વર્ષીય રહેમાન પ્રભાવશાળી ઝિયા પરિવારમાંથી છે. તેઓ એ પરિવારમાંથી આવે છે જેણે દાયકાઓ સુધી બાંગ્લાદેશની રાજનીતિ પર પ્રભુત્વ રાખનાર પાર્ટીનું નેતૃત્વ કર્યું. તેમના માતા-પિતા બંને સર્વોચ્ચ પદ પર રહી ચૂક્યા છે. પરંતુ રહેમાનની પ્રધાનમંત્રી પદ સુધી પહોંચવાની સફર સરળ રહી નથી. તેમના રાજકીય જીવન પર વિરોધીઓએ ભાઈ-ભત્રીજાવાદ અને ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા. કિશોરવસ્થામાં તેમના પિતાની હત્યા થઈ હતી. લાંબા સમય સુધી દેશમાંથી બહાર રહેવું પડ્યું અને ઘણા વિવાદોનો સામનો કરવો પડ્યો. તેમના માતા અને દેશના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી ખાલિદા ઝિયાના નિધન બાદ તેમને બીએનપીના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ બાંગ્લાદેશમાં ચૂંટણી યોજાઈ અને તેમની પાર્ટીને જીત મળી છે.

રહેમાને ૨૦૦૧મા **BNP**મા સક્રિય ભૂમિકા ભજવવાની શરૂ કરી, તે સમયે તેમની ઉંમર માત્ર ૩૫ વર્ષની હતી. ખાલિદા ઝિયા પ્રથમવાર ૧૯૯૧થી ૧૯૯૬ સુધી પ્રધાનમંત્રી રહ્યાં હતા. તેમના પિતા ઝિયાઉર રહેમાન સેના પ્રમુખથી રાષ્ટ્રપતિ બન્યા હતા. ૧૯૮૧મા સૈન્ય તખ્તાપલટ દરમિયાન તેમની હત્યા કરી દેવામાં આવી હતી. તેઓ બાંગ્લાદેશના સ્વતંત્રતા સંગ્રામના મુખ્ય નેતાઓમાંથી હતા અને ૧૯૭૮મા બીએનપીની સ્થાપના કરી હતી.

# અમેરિકામાં લાપતા થયેલા ભારતીય વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયાનું મોતઃ ૬ દિવસ બાદ મળ્યો મૃતદેહ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં ૯ ફેબ્રુઆરીથી લાપતા ૨૨ વર્ષીય ભારતીય વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયાનો મૃતદેહ મળી આવ્યો છે. સૈન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે રવિવારે તેની પુષ્ટિ કરી છે. સાકેત શ્રીનિવાસૈયાકર્ણાટકના તુમકુરુજિલ્લાનો રહેવાસી હતો અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેમાં પોસ્ટ-ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરી રહ્યો હતો. તે છેલ્લે કેલિફોર્નિયાના ટિલ્ડન રીઝનલ પાર્કની પાસે એક તળાવ નજીક જોવા મળ્યો હતો.ભારતીય વાણિજ્ય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે સ્થાનીક પોલીસે સાકેતનો મૃતદેહ મળવાની પુષ્ટિ કરી છે. દૂતાવાસે તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે તે આ મુશ્કેલ સમયમાં પરિવાર સાથે છે. દૂતાવાસે તે પણ કહ્યું કે તેઓ સ્થાનીક અધિકારીઓ સાથે સમન્વય કરી રહ્યાં છે અને પાર્થિવ શરીરને ભારત મોકલવાની પ્રક્રિયામાં દરેક સંભવ મદદ કરશે. દૂતાવાસના અધિકારી પરિવારના સંપર્કમાં છે અને જરૂરી ઔપચારિકતામાં મદદ કરી રહ્યાં છે.સાકેતના પિતાએ જણાવ્યું હતુ કે તેમણે છેલ્લે ૯ ફેબ્રુઆરીએ પુત્ર સાથે વાત કરી હતી. પુત્ર લાપતા થયા બાદ પરિવારે તેના મિત્રો અને રૂમમેટ્સનો સંપર્ક કર્યો.જ્યાકે કોઈ જાણકારી ન મળી તો બર્કલે પોલીસ વિભાગમાં ફરિયાદ નોંધાવવામાં આવી. ૧૩ ફેબ્રુઆરીએ સાકેતના માતા-પિતાએ કર્ણાટક સરકાર પાસેથી મદદ માંગી હતી. કર્ણાટક સરકારે વિદેશ મંત્રાલયને હસ્તક્ષેપ કરી મદદ કરવાની વિનંતી કરી હતી. સાકેત યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેમાં પ્રોડક્ટ ડેવલોપમેન્ટ પ્રોગ્રામમાં માસ્ટર ઓફ સાયન્સનો અભ્યાસ કરી રહ્યો હતો. આ પહેલા તેણે આઈઆઈટી મદ્રાસથી કેમિકલ એન્જિનિયરિંગમાં બીટેકની ડિગ્રી મેળવી હતી.




# તંત્રી લેખ......

## લોકસભામાં ગતિરોધ કેમ તૂટી રહ્યો નથી?

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગયા અઠવાડિયે શુક્રવારે સાંસદોને ગૃહની સુચારુ કામગીરી સુનિશ્ચિત કરવા અપીલ કરતા કહ્યું હતું કે બજેટ સત્રના ૧૯.૧૩ કલાક અત્યાર સુધી વેડફાયા છે. તેમની અપીલના થોડા સમય પછી, હોબાળો શરૂ થયો, જેના કારણે કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી. ત્યારથી સોમવાર સુધી, આ સંખ્યામાં ઘણા કલાકો ઉમેરાયા છે. બંને ગૃહોમાં ગતિરોધ યથાવત છે, અને હવે એવું લાગે છે કે સમાધાન કરતાં મુકાબલા માટે બહાના શોધવાના વધુ પ્રયાસો થઈ રહ્યા છે. આ બજેટ સત્રમાં અત્યાર સુધી કોઈ યોગ્ય ચર્ચા પૂર્ણ થઈ નથી. વિપક્ષનો દાવો છે કે રાહુલ ગાંધીને લોકસભામાં બોલવાની તક આપવામાં આવી રહી નથી. સોમવારે, એવું લાગતું હતું કે વિરોધ પક્ષના નેતા અને અધ્યક્ષ મળ્યા ત્યારે કોઈ ઉકેલ મળી શકે છે. જોકે, આ મુદો પાછળથી એ હકીકતમાં ફસાઈ ગયો કે રાહુલ ગાંધી બજેટ પર બોલી શકે છે, અન્ય કોઈ વિષય પર નહીં. ગૃહના કાર્ય માટે નિયમો અને નિયમો પરંપરાઓ જેટલા જ મહત્વપૂર્ણ છે. અને લોકશાહીની પરંપરા રહી છે કે દરેકને બોલવાની તક મળવી જોઈએ. જોકે, વિપક્ષમાં એવી લાગણી વધી રહી છે કે અધ્યક્ષ તેમની સાથે સમાન વર્તન કરી રહ્યા નથી. સરકાર પાસે પોતાને વ્યક્ત કરવા માટે ઘણા પ્લેટફોર્મ અને તકો છે, પરંતુ વિપક્ષ માટે સૌથી મોટું પ્લેટફોર્મ ગૃહ છે, જ્યાં તે પ્રશ્નો પૂછી શકે છે. આ પ્રશ્નો સરકારને જવાબદાર બનાવવા અને નીતિઓને સંતુલિત કરવા માટે જરૂરી છે.

પ્રિસાઈડિંગ ઓફિસર ગૃહના રક્ષક તરીકે કાર્ય કરે છે અને નિષ્પક્ષતા જાળવવાની અપેક્ષા રાખવામાં આવે છે. વિપક્ષ તેમના પર સમાન તક આપવાનો વિશ્વાસ રાખે છે. ચિંતાજનક છે કે આ વિશ્વાસ ખરડાઈ રહ્યો છે. આનો પુરાવો કોંગ્રેસ મહિલા સાંસદો દ્વારા ઓમ બિરલાને લખાયેલો પત્ર અને સ્પીકર સામે અવિશ્વાસ પ્રસ્તાવ તૈયાર થઈ રહ્યો હોવાના સમાચાર છે. જો આવું થાય, તો ભલે વિપક્ષ પાસે સંખ્યાબંધ સંખ્યા ન હોય, તે ખૂબ જ પ્રતીકાત્મક મહત્વ ધરાવશે.

આ સત્ર અત્યાર સુધી નકારાત્મક કારણોસર સમાચારમાં રહ્યું છે - સાંસદોનું સસ્પેન્શન, સુરક્ષા કારણોસર વડા પ્રધાનનું ભાષણ આપવા માટે લોકસભામાંથી ગેરહાજરી. આ ઘટનાઓ જનતા સમક્ષ જનપ્રતિનિધિઓની સકારાત્મક છબી રજૂ કરતી નથી.

મગફળીની ખરીદી કર્યા બાદ સરકારે ખેડૂતોને પૈસા ન ચૂકવતા AAP નેતા પ્રવીણ રામે ભાજપ પર કર્યા આકરા પ્રહાર

# એક લાખથી વધારે ખેડૂતો પાસેથી સરકારે મગફળી ખરીદી પરંતુ ૭૫ દિવસ બાદ પણ પૈસા જ આપ્યા નહીં: પ્રવીણ રામ

### સરકારે ૧૦,૦૦૦ કરોડની સહાયની જાહેરાત કરી હતી પરંતુ અનેક ખેડૂતો સહાયથી વંચિત: પ્રવીણ રામ

અમદાવાદ/જુનાગઢ

આમ આદમી પાર્ટીના ફંટલ સંગઠન પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા પ્રવીણ રામે એક વિડીયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, ખોટી જાહેરાતો અને તાયફાઓ કરી ગિનિસ બુકમાં વર્લ્ડ રેકોર્ડ નોંધાવનાર ગુજરાતની ભાજપ સરકારે ફરી એક વાર ખોટી જાહેરાત કરી ફરીથી એક નવો રેકોર્ડ બનાવવાનું કામ કર્યું. ગુજરાતમાં મોટાભાગે ખેડૂતોનો મગફળીનો પાક નિષ્ફળ ગયો હતો, ત્યારે ગુજરાતની ભાજપ સરકારે ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવાની અને ૧૦,૦૦૦ કરોડની સહાયની જાહેરાત કરી દીધી. પરંતુ વાસ્તવમાં ગુજરાતના અનેક ખેડૂતો આ સહાયથી વંચિત રહ્યા છે.

વધુમાં AAP નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, એનાથી પણ એનાથી પણ વધારે ચોંકાવનારી બાબત એ છે કે એક લાખથી વધારે ખેડૂતો તો એવા છે જે ખેડૂતોએ ટેકાના ભાવે સરકારને મગફળી આપી તો દીધી અને હજુ સુધી સરકારે એમને રકમ ચૂકવી નથી. કૃષિ મંત્રીએ સાત દિવસમાં પૈસાનું ચુકવણું કરવાનું કહ્યું હતું પરંતુ આજે ૭૫ દિવસ થયા હોવા છતાં પણ ગુજરાતના એક લાખથી વધારે ખેડૂતોને પૈસા ચૂકવવામાં આવ્યા નથી. ત્યારબાદ પ્રવીણ રામે કટાક્ષમાં કહ્યું કે "આ ચુકવણું ન કરીને ગુજરાતના ખેડૂતોને પાયમાલ કરીને નવો રેકોર્ડ બનાવનાર ભાજપની સરકારને અભિનંદન પાઠવું છું." ત્યારબાદ તેમણે માંગ કરી હતી કે, હું આમ આદમી પાર્ટી વતી ગુજરાતની સરકાર સમક્ષ માંગણી પણ કરું છું કે તાત્કાલિક ધોરણે જે ખેડૂતોની મગફળી લેવામાં આવી છે અને એમને ચુકવણું કરવામાં આવ્યું નથી એ તમામ ખેડૂતોને તાત્કાલિક ધોરણે પૈસા ચૂકવી દેવામાં આવે.

કોળી સમાજના આગેવાન ધીરુભાઈના પરિવાર પર જીવલેણ હુમલા મુદ્દે AAP નેતા પિયુષ પરમારનું નિવેદન

# નેશનલ હાઈવે પર આવારા તત્વોએ તીક્ષ્ણ હથિયારો અને લાકડીઓથી કોળી સમાજના આગેવાનને મારવાની કોશિશ કરી: પિયુષ પરમાર AAP

### ધીરુભાઈ ગઈકાલે પોલીસ ફરિયાદ દાખલ કરવા ગયા પરંતુ હજુ સુધી ફરિયાદ દાખલ થઈ નથી: પિયુષ પરમાર AAP

અમદાવાદ/રાજકોટ/

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઓબીસી સેલના પ્રમુખ પિયુષ પરમારે એક વીડિયોના માધ્યમથી એક ગંભીર મુદ્દા પર પોતાની વાત કરતા જણાવ્યું હતું કે, ગતરાત્રે કોળી સમાજના આગેવાન અને મઢુલી ગામના કોળી સમાજના પ્રમુખ ધીરુભાઈના પરિવાર પર અમુક આવારા તત્વો દ્વારા જાનથી મારી નાખવાની કોશિશ કરવામાં આવી. આ હુમલાના વિડીયો પણ પરિવારને ઉતાર્યા છે. નેશનલ હાઈવે પર આવવાના તત્વો આવીને તીક્ષ્ણ હથિયારો અને લાકડીઓ લઈને ખુલ્લેઆમ ધીરુભાઈ અને તેમના પરિવારની મહિલાઓને મારવાની કોશિશ કરે છે. આ પરિવાર એ હુમલાખોરોને ઓળખતા પણ નથી. માટે પરિવારનું માનવું છે કે આ હુમલાખોરોને કોઈએ સોપારી આપી હોય એવું લાગી રહ્યું છે. નેશનલ હાઈવે પર એક પરિવાર પર જીવલેણ હુમલો થાય છે તો ક્યાં છે સુરક્ષાની વાતો કરનારી પોલીસ? ગુજરાતના ગૃહમંત્રી અને SPને અમારો સવાલ છે કે આ છે ગુજરાતની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા?

વધુમાં AAP નેતા પિયુષ પરમારે જણાવ્યું હતું કે, આ મોટો સવાલ છે કે કોણે ધીરુભાઈના પરિવારને સોપારી આપી અને કોણે હુમલો કરાવ્યો? ગઈકાલે ધીરુભાઈ FIR દાખલ કરવા ગયા પણ હજુ સુધી તેમની FIR દાખલ કરવામાં નથી આવી, તો તંત્ર શું કરી રહ્યું છે? કોળી સમાજના આગેવાનોને હું કહેવા માંગીશ કે અમે તો આ મુદ્દા પર પૂરો સાથ સહકાર આપી રહ્યા છીએ પરંતુ સમાજના આગેવાનોની પણ જવાબદારી છે આ મુદ્દા પર પોતાનો સહકાર આપે. કારણ કે આવા તત્વોને જો છાવરવામાં આવશે તો સામાન્ય લોકોનું જીવન જીવવું મુશ્કેલ બની જશે. ધીરુભાઈની ન્યાયની લડાઈમાં હું પોતે પિયુષ પરમાર અને સમગ્ર આમ આદમી પાર્ટી ધીરુભાઈ અને તેમના પરિવારની સાથે ઊભા છીએ. હુમલો કરનાર જે લોકો છે તે લોકો પર ભૂતકાળમાં મર્ડર, ખંડણી જેવા ગંભીર ગુનાઓ દાખલ થયેલા છે. આ અગાઉ પણ આ પરિવારના નાના દીકરા પર હુમલો થયો હતો, તો શું એ ઘટના સાથે પણ ગઈકાલની ઘટનાના તાર જોડાયેલા તો નથી ને? માટે અમારી માંગ છે કે આ મુદ્દે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અને પરિવારને ન્યાય આપવામાં આવે.

ટીપુ સુલતાન અંગે વિવાદ

# ટીપુ સુલતાન અંગ્રેજો સામે લડ્યા હતા : ઓવૈસી

### ઓવૈસીએ ભાજપ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, ટીપુ સુલતાન હિન્દુ-મુસ્લિમ એકતાની મિસાલ હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં કોંગ્રેસ યુનિટના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાલે ૧૮મી સદીના સુલતાન ટીપુ સુલતાનની તુલના છત્રપતિ શિવાજી મહારાજ સાથે કરી દીધી હતી. હવે આ મુદ્દે વિવાદ વકરી રહ્યો છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સપકાલની ટિપ્પણીને શરમજનક ગણાવી છે. આ વચ્ચે હવે ભાજપ-કોંગ્રેસના વિવાદમાં AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીની એન્ટ્રી થઈ છે. ઓવૈસીએ ભાજપ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, ટીપુ સુલતાન હિન્દુ-મુસ્લિમ એકતાની મિસાલ હતા.

ઓવૈસીએ કહ્યું કે, 'ટીપુ સુલતાન ૧૭૯૯ શહીદ થઈ ગયા હતા. તેઓ અંગ્રેજો સામે લડતા શહીદ થયા હતા. ટીપુએ જેલમાં બેસીને તમારા વીર (વીર સાવરકર)ની જેમ અંગ્રેજોને પ્રેમપત્રો નહોતા લખ્યા. ટીપુ સુલતાન પોતાના દેશને અંગ્રેજોથી આઝાદ કરાવવા માટે શહીદ થયા હતા. અંગ્રેજો ટીપુથી એટલા ડરતા હતા કે ટીપુનો મૃતદેહ દોઢ કલાક સુધી ત્યાં પડ્યો રહ્યો. અંગ્રેજોએ મૃતદેહને ઘેરી લીધો હતો પરંતુ તેઓ ડરતા હતા કે જો સિંહ જાગી જશે તો શું થશે. જ્યારે તેઓ જોવા ગયા ત્યારે ટીપુનો મૃતદેહ ગરમ હતો.'

તેમણે આગળ કહ્યું કે, દેવેન્દ્ર ફડણવીસ સાહેબ, શું એ સાચું નથી કે ટીપુ પાસેથી મળેલી વીંટી પર રામ લખેલું હતું? ૨૦૧૪માં બરસાનિયામાં તેની હરાજી કરવામાં આવી હતી. શું એ ખોટું છે કે એપીજે અબ્દુલ કલામે તેમના પુસ્તક "વિંગ્સ ઓફ ફાયર"માં લખ્યું છે કે, આપણે રોકેટ ટેકનોલોજી દ્વારા ટીપુના સપના પૂરા કરી રહ્યા છીએ. એપીજે અબ્દુલ કલામ તો તમારા માટે વધુ આદર્શ છે. ઓવૈસીએ વધુમાં કહ્યું કે, જો તમે આ પણ ન સ્વીકારો તો ગાંધીજીને તો માનતા હશો. તેમણે પોતાની મેગેઝિન "યંગ એજ"માં લખ્યું હતું કે, ટીપુ સુલતાન હિન્દુ-મુસ્લિમ એકતાના સમર્થક હતા. સેનાએ શ્રૃંગેરી મઠમાંથી સોનાની મૂર્તિ ઉઠાવી લીધી ત્યારે ટીપુ સુલતાને તેનું નિર્માણ કરાવ્યું હતું. ટીપુ સુલતાન એક રાજા હતા. દરેક રાજાને માત્ર પોતાની શક્તિથી મતલબ રહેતો હતો. પરંતુ હકીકતોને ખોટી રીતે રજૂ ન કરવી જોઈએ. અપ્પાજી રામ ટીપુ સુલતાનની સેનાના સેનાપતિ હતા. કૃષ્ણા રાવ તેમના સલાહકાર હતા. ભાજપ માત્ર નફરત પેદા કરવા માંગે છે. ભારતના પ્રથમ બંધારણના પુસ્તકમાં ટીપુની તસવીર છે.

તમને જણાવી દઈએ કે, બુલઢાણામાં પત્રકારો સાથે વાત કરતા સપકાલે માલેગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર શાન-એ-હિંદ નિહાલ અહેમદના કાર્યાલયમાં ટીપુ સુલતાનની તસવીર લગાવવા અંગેના વિવાદ પર વાત કરી હતી, જેનો શિવસેનાના કાઉન્સિલરો અને હિન્દુ સંગઠનોએ વિરોધ કર્યો હતો. ત્યારબાદ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'આ તુલના નિંદનીય છે અને કોંગ્રેસી નેતાને ખુદ પર શરમ આવવી જોઈએ.' નાગપુરમાં પત્રકારો સાથે વાત કરતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'મહારાષ્ટ્ર આ સહન નહીં કરશે. છત્રપતિ શિવાજી મહારાજની ટીપુ સુલતાન સાથે તુલના કરવા બદલ સપકાલે માફી માંગવી જોઈએ. કોંગ્રેસે આ બાબતની નોંધ લેવી જોઈએ અને તેના સાથી પક્ષોએ સપકાલની ટિપ્પણી પર પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ.'

# પ્રેમ પ્રકરણમાં યુવાન પર કરાયું બે રાઉન્ડ ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં વધુ એક ફાયરિંગની ઘટના સામે આવી છે. શહેરના ચાણક્યપુરી વિસ્તારમાં બે રાઉન્ડ ફાયરિંગ થયું છે. આ ફાયરિંગ પ્રેમ પ્રકરણમાં થયું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ ઘટનામાં એક યુવાન ઈજાગ્રસ્ત થયો છે જેની હાલ સારવાર ચાલી રહી છે. આ અંગે આરોપીઓને ઝડપી પાડવા સોલા પોલીસે કવાયત હાથ ધરી છે. આ ફાયરિંગની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, સોલા વિસ્તારમાં પિતરાઈ ભાઈએ બહેન સાથે પ્રેમસંબંધની અદાવતમાં એક યુવાનના પગમાં ગોળી મારી દીધી હોવાની ઘટના સામે આવી છે. મોન્ટુ દેસાઈના કાકાની દીકરી સાથે એક યુવાનને પ્રેમ સંબંધ હતો. જેનો ખાર રાખીને મોન્ટુ દેસાઈએ એક યુવાન પર ફાયરિંગ કર્યું છે. આ પહેલા પણ આ લોકો વચ્ચે બોલાચાલી અને હોબાળો થયો હતો. જોકે, ત્યારે એ વાતનું સમાધાન પણ થઈ ગયુ હતુ. યુવતીના પિતરાઈ ભાઈ મોન્ટુ દેસાઈએ યુવાન પર ફાયરિંગ કરતા પગમાં ગોળી વાગી છે. આ ઈજાગ્રસ્ત ફરિયાદીને સોલા સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. સોલા પોલીસ સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

મહાશિવરાત્રીની અનોખી ઉજવણી

# બેરણા ધામમાં ૫૦ ફૂટ શિવજી પ્રતિમા સામે મહાજ્યોત પ્રજ્વલિત

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

સાબરકાંઠામાં આવેલ બેરણા ધામ જ્યાં અનેક દેવમંદિરો આવેલા છે. શિવરાત્રીના પાવન દિવસે ભક્તો મોટી સંખ્યામાં શિવ મંદિરોમાં ભોળાનાથની પૂજા-અર્ચના કરવા ઉમટે છે. શિવરાત્રીના તહેવારને લઈ આજે ભક્તોમાં વિશેષ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો છે. આ દિવસે ભગવાન શિવજીની આરાધના કરીને તેમની અનન્ય કૃપા પ્રાપ્ત કરવાનો ઉત્તમ અવસર છે.

બેરણા ધામમાં સવા મણ રૂ અને ૫૦ કિલો ઘીથી મહાજ્યોત બનાવવામાં આવે છે. આ જ્યોત વિશ્વ શાંતિ માટે પ્રજ્વલિત કરાય છે. દર વર્ષે, આ મહાજ્યોતના દર્શન કરવા ભક્તો દૂર દૂરથી આવે છે અને ઘીનો અભિષેક કરીને ધન્યતા અનુભવે છે. આ જ્યોત પ્રજ્વલિત કરવાનો મુખ્ય હેતુ સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવો છે. બેરણા ધામમાં દર વર્ષે મહામેળો યોજાય છે, જેમાં ભક્તો ભોળા શંભુના દર્શન કરવા અને મહાજ્યોતના દર્શન કરવા મોટી સંખ્યામાં ઉમટે છે. અહીં ૫૦ ફૂટ ઊંચી શિવજીની પ્રતિમા અને મહાજ્યોતના દર્શન કરીને ભક્તો ધન્યતા અનુભવે છે અને મનની શાંતિ મેળવતા હોય છે. આ પવિત્ર સ્થળ ભક્તિ અને મેળાના આનંદ માટે જાણીતું છે.

શિવરાત્રી સિવાય બાકી દિવસોમાં પણ બેરણા ધામમાં ભક્તોનો મેળાવડો જોવા મળે છે. અહીં ભક્તો વર્ષના ૩૬૫ દિવસ ઉમટે છે અને શિવજીની મહા પ્રતિમા તથા જ્યોતના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. આ પવિત્ર સ્થળે ભક્તો ધર્મ અને ભક્તિ સાથે સાથે વન ડે પિકનિકનો આનંદ પણ માણે છે.

ભારત અંડરવોટર રેલ રોડ ટનલ બનાવશે

# સમુદ્ર નીચે ૨૪૦ મીટર ઊંડાઈમાં બનેલી દુનિયાની એક માત્ર રેલવે ટનલ

### એન્જિનિયરિંગની દુનિયામાં જ્યારે પણ કોઈ અસંભવ લાગતા પ્રોજેક્ટની ચર્ચા થાય છે, તો જાપાનની સીકન ટનલનું નામ સૌથી ઉપર આવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્જિનિયરિંગની દુનિયામાં જ્યારે પણ કોઈ અસંભવ લાગતા પ્રોજેક્ટની ચર્ચા થાય છે, તો જાપાનની સીકન ટનલનું નામ સૌથી ઉપર આવે છે. સમુદ્રના મોજા વચ્ચે સેંકડો ફૂટ નીચે બનાવવામાં આવેલી આ ટનલ ૫૦ વર્ષથી પણ વધુ સમયથી દુનિયા માટે એક અજાયબી બનેલી છે. હવે જ્યારે અસમમાં બ્રહ્મપુત્ર નદીની નીચે ભારત પોતાની પહેલી અંડરવોટર રેલ રોડ ટનલ બનાવવા જઈ રહી છે, તો આખી દુનિયાની નજર ફરી જાપાનના માસ્ટરપીસ પર ટકી છે.

અસમની ગોહપુર-નુમલિગઢ ટનલ દુનિયાની બીજી એવી ટનલ હશે જેમાં રેલવે ટ્રેક હશે, પરંતુ આ યાદીમાં પહેલા નંબરે સીકન ટનલ સંઘર્ષ અને આધુનિક વિજ્ઞાનની જીતની કહાની છે. હોંશુ અને હોક્કાઈડો જેવા બે મોટા દ્વીપોને જોડનાર આ ટનલ ન માત્ર ટેકનિકલ રીતે અદ્યતન છે, પરંતુ જાપાનની અર્થવ્યવસ્થાનો મોટો આધાર પણ માનવામાં આવે છે.

જાપાનના મુખ્ય દ્વીપ હોન્શુને ઉત્તર તરફના હોક્કાઈડો દ્વીપ સાથે જોડતી આ ટનલ 'ત્સુગારૂ જલડમરૂમધ્ય' (Tsugaru Strait)ની નીચેથી પસાર થાય છે. તેની કુલ લંબાઈ લગભગ ૫૪ કિલોમીટર છે, જેમાંથી ૨૩.૩ કિલોમીટરનો ભાગ સંપૂર્ણપણે સમુદ્રની નીચે છે. આ દુનિયાની સૌથી લાંબી અંડરવોટર રેલ સેક્શન છે. ૧૯૭૧માં આ ટનલનું નિર્માણ શરૂ થયું હતું અને ૧૭ વર્ષની ભારે મહેનત બાદ ૧૯૮૮માં પૂર્ણ થયું હતું. તે સમયે આ ટનલ બનાવવા માટે લગભગ ૭ અબજ ડોલરનો ખર્ચ થયો હતો. જાપાન જેવો ભૂકંપ પ્રભાવિત દેશ હોય ત્યાં સમુદ્રની નીચે ટનલ બનાવવી એ મોટી પડકાર હતી. આ ટનલ સમુદ્રની સપાટીથી ૧૪૦ મીટર અને જમીનની સપાટીથી ૨૪૦ મીટર ઊંડે બનાવવામાં આવી છે, જ્યાં પાણીનો દબાણ ખૂબ જ વધારે હોય છે. ટનલને સંપૂર્ણપણે ભૂકંપ-પ્રૂફ બનાવવામાં આવી છે જેથી ભારે ઝટકાઓ દરમિયાન પણ બુલેટ ટ્રેન સુરક્ષિત રીતે પસાર થઈ શકે. ટનલની અંદર 'ટેપ્પી કાયતેઈ' અને 'યોશિઓકા કાયતેઈ' નામના બે અંડરસી સ્ટેશન પણ બનાવવામાં આવ્યા છે, જે આપાતકાલીન સ્થિતિમાં બચાવ કામગીરી માટે ઉપયોગી છે. અસમની ગોહપુર-નુમલિગઢ ટનલ અને જાપાનની સીકન ટનલ વચ્ચે સમાનતા એ છે કે બંને અંડરવોટર રેલ કનેક્ટિવિટી આપે છે, પણ તેમાં કેટલાક મોટા ટેકનિકલ તફાવત છે:

સીકન ટનલની ખાસિયતો

સમયની બચત: પહેલા દ્વીપો વચ્ચે જહાજથી મુસાફરીમાં ૪ કલાક લાગતા, હવે ટ્રેનથી માત્ર ૧ કલાકમાં પહોંચી શકાય છે.

ઝડપ: અહીં બુલેટ ટ્રેન (Shinkansen) ૨૪૦ થી ૩૨૦ કિમી/કલાકની ઝડપે દોડી શકે છે.

ઓલ-વેધર કનેક્ટિવિટી: બરફીલા તોફાન કે ખરાબ હવામાનમાં પણ તેની સેવાઓ પર અસર થતી નથી.

વૈશ્વિક માન્યતા: આ ટનલ ચેનલ ટનલ (યુકે-ફ્રાન્સ) કરતાં પણ લાંબી રેલ ટનલ છે.

# તાપી: સોનગઢના ગીધમાળી ડુંગર પર પૂજા મુદ્દે ભારે વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)તાપી

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના નાના બંધારપાડા સ્થિત ગીધમાળી ડુંગર પર પૂજા કરવાના અધિકારને લઈને ફરી એકવાર વિવાદ વકર્યો છે. આજે પરંપરાગત કણી કંસરીની પૂજા કરવા જઈ રહેલા આદિવાસીઓને પોલીસે અટકાવતા અને દેવ બિરસા સેનાના અધ્યક્ષની અટકાયત કરતા સમગ્ર પંથકમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. આદિવાસી સમુદાયનો દાવો છે કે તેઓ આદિકાળથી દર વર્ષે ખેતરમાં પકવેલું નવું અનાજ (હિજારી) ગીધમાળી ડુંગર પર લાવી કણી કંસરી માતાની પૂજા કરી ચઢાવે છે. આ ધાર્મિક વિધિ બાદ જ તેઓ અનાજનો ઉપયોગ શરૂ કરે છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી આ ડુંગર પર ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા મરિયમ માતાનું ધર્મસ્થાન ઊભું કરી દેવામાં આવતા સ્થાનિક આદિવાસીઓની પરંપરાગત પૂજામાં અવરોધ ઊભો થયો છે. દેવ બિરસા સેના દ્વારા આજે ડુંગર પર જઈ પૂજા કરવાનું આહવાન કરવામાં આવ્યું હતું. પરિસ્થિતિ વણસે નહીં તે માટે તાપી પોલીસ અને વહીવટીતંત્રે વહેલી સવારથી જ ગીધમાળી ડુંગર ફરતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ દરમિયાન પૂજા કરવા જઈ રહેલા કાર્યકરો અને ગ્રામજનોને રસ્તામાં જ અટકાવી દેવામાં આવ્યા હતા. દેવ બિરસા સેનાના અધ્યક્ષ સહિતના આગેવાનોની અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત ડુંગર તરફ જવાના તમામ માર્ગો પર પોલીસ દ્વારા કડક ચેકિંગ હાથ ધરાયું હતું. પૂર્વજોના વખતથી ચાલી આવતી ધાર્મિક પરંપરા અટકતા આદિવાસી સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે શ્રદ્ધાના કેન્દ્ર સમાન ડુંગર પર અતિક્રમણ કરીને અન્ય ધર્મનું સ્થાનક બનાવી દેવામાં આવ્યું છે, જે તેમની સંસ્કૃતિ પર પ્રહાર છે. બીજી તરફ, વહીવટીતંત્ર દ્વારા શાંતિ જાળવવા માટે બંને પક્ષો સાથે સમજાવટના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

# સાબરમતી સ્ટેશન પર પુનર્વિકાસ હેઠળ હાઈ-રૂફ નિર્માણ માટે ટ્રસ (Truss)નું સફળ લોન્ચ: મુસાફરોની સુવિધાઓને મળશે નવું આયામ

ભારતીય રેલ દ્વારા મુસાફરોની સુવિધાઓના ઉન્નયન અને આધુનિક અવસંરચના વિકાસની દિશામાં સાબરમતી સ્ટેશનનું પુનર્વિકાસ કાર્ય ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. આ પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ સ્ટેશન પર ટ્રેકો ઉપર વિશાળ હાઈ-રૂફ અને કોક્રોર્સનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે સ્ટેશનને આધુનિક સ્વરૂપ મળશે તેમજ મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાશે. તારીખ ૧૫.૦૨.૨૦૨૬ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે સ્ટેશન પર ઝડપી ગતિએ ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોનું વિગતવાર નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે પ્લેટફોર્મ સંખ્યા ૪/૫ અને ૨/૩ ઉપર હાઈ-રૂફ નિર્માણ માટે લોન્ચ કરવામાં આવેલા ૨૮ મીટર લાંબા ટ્રસનું અવલોકન કર્યું

નિર્માણાધીન હાઈ-રૂફનું પ્લેટફોર્મ સંખ્યા ૪ થી ૭ વચ્ચે ટ્રસ લોન્ચિંગનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બાકીનો ભાગમાં કાર્ય પ્રગતિ પર છે. જે પ્લેટફોર્મ સંખ્યા ૭ થી પ્લેટફોર્મ સંખ્યા ૧ સુધી તેમજ આગમન ફૂટઓવર બ્રિજથી સર્ક્યુલેટિંગ વિસ્તાર સુધી વિસ્તારિત થશે. કોક્રોર્સ ક્ષેત્રમાં વિશાળ પ્રતીક્ષાલય (વેટિંગ હોલ) અને ફૂડ પ્લાઝા જેવી આધુનિક સુવિધાઓ પણ હશે, જેના દ્વારા મુસાફરોને વધુ સારો આરામ અને ભોજનની સુવિધા પ્રાપ્ત થશે. કોક્રોર્સનું ક્ષેત્રફળ અંદાજે 110×36 વર્ગમીટર હશે. જ્યારે હાઈ-રૂફનું માપ 122×171 મીટર તથા 88×110 મીટર રહેશે, જેનાથી કુલ અંદાજે ૩૦,૫૪૨ વર્ગમીટર ક્ષેત્ર ટ્રેકો ની ઉપર કવર હશે. આ છત પ્લેટફોર્મથી અંદાજે ૬૫ ફૂટની ઊંચાઈએ સ્થાપિત કરવામાં આવી રહી છે

આ જ ક્રમમાં 28×4.25×3.25 મીટર કદ અને અંદાજે ૨૬ ટન વજન ધરાવતી એક વિશાળ ટ્રસને ૬૫ ફૂટની ઊંચાઈએ ૮૧૦ ટન ક્ષમતા ધરાવતી ક્રેનની મદદથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવી. કાર્યસ્થળની પડકારજનક પરિસ્થિતિઓ હોવા છતાં આ કાર્ય ૮ કલાકના મેગા બ્લોક દરમિયાન સુરક્ષિત અને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

સ્ટેશન પુનર્વિકાસ યોજના હેઠળ મુસાફરોની સુગમતા માટે ૨૦ લિફ્ટ, ૨૦ એસ્કેલેટર તેમજ ૨૦ સીડીઓની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ આધુનિક સુવિધાઓ દ્વારા મુસાફરોની અવરજવર સરળ બનશે અને સ્ટેશન પર ભીડ વ્યવસ્થાપનમાં પણ મદદ મળશે.



ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

ગુજરાતના ગાંધીનગરથી 'ડિજિટલ અન્ન વિતરણ'ના નવા યુગનો પ્રારંભઃ

# કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે દેશના સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી-CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો શુભારંભ

## વડાપ્રધાનશ્રીના 'સેવા હી સાધના' મંત્ર અને ટેક્નોલોજીના સમન્વયથી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'નો સંકલ્પ થશે સાકારઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર ખાતેથી કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) આધારિત પારદર્શક, આધુનિક અને સરળ જાહેર વિતરણ વ્યવસ્થાનો શુભારંભ કરાવ્યો હતો. મહાત્મા મંદિર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ૧ કિલોના સીલબંધ પેકિંગમાં ચણા અને તુવેરદાળના વિતરણ, અમદાવાદના સાબરમતી ઝોનમાં અન્નપૂર્તિ ગ્રેઈન ATM સુવિધા તેમજ 'ગરિમા પોષણ - સુપોષિત ગરુડેશ્વર તાલુકો' અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો.

આ ઉપરાંત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગ્રાહકોના હિતોના રક્ષણ માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ તથા ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (CERC) વચ્ચે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા. આ કરારથી ફરિયાદોના નિવારણ માટે પ્રી-લિટિગેશન ઈકોસિસ્ટમ ઊભી થશે, જેથી કોર્ટ સુધી પહોંચ્યા વગર જ પ્રશ્નોનો ઉકેલ આવશે. વધુમાં, 'કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ' (CRI) તૈયાર કરવા માટે પણ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા 'કેર રેટિંગ' અને ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (CERC) સાથે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા. જાહેર વિતરણ વ્યવસ્થાને ડિજિટલ અને પારદર્શક બનાવતા વિવિધ પ્રકલ્પોના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે સૌને મહાશિવરાત્રિ પર્વની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આજે 'ડિજિટલ ઈન્ડિયા'નું વિસ્તરણ જાહેર વિતરણ વ્યવસ્થા સુધી પહોંચ્યું છે. એક દાયકા પહેલા દેશના ૬૦ કરોડ લોકોના પરિવારમાં એકપણ બેંક એકાઉન્ટ નહોતું, પરંતુ આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ડિજિટલ ટ્રાન્ઝેક્શન ક્ષેત્રે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે અને દુનિયામાં થઈ રહેલા કુલ ડિજિટલ વ્યવહારોના અડધા ડિજિટલ વ્યવહારો માત્ર ભારતમાં જ થઈ રહ્યા છે.

ડિજિટલ ટ્રાન્સફોર્મેશન વિશે વધુમાં વાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, હવે ગરીબોને સસ્તું અનાજ આપવાની દિશામાં પણ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સાકાર થઈ રહ્યું છે. જે અંતર્ગત CBDC એટલે કે, સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી પ્રોજેક્ટ અને 'મેડ ઈન ગુજરાત' એવા અન્નપૂર્તિ ગ્રેઈન એટીએમ જેવી આધુનિક સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે. આ નવી ટેકનોલોજી આધારિત વ્યવસ્થાથી ભ્રષ્ટાચાર સંપૂર્ણપણે નાબૂદ થશે અને વચેટિયાઓનો અંત આવશે, જેનાથી છેવાડાના ગામડા, આકાંક્ષી જિલ્લાઓ અને પછાત વિસ્તારોમાં વસતા નાગરિકોને તેમના હકનું પૂરે-પૂરું અનાજ સીધું અને પારદર્શક રીતે મળી રહેશે.

CBDC પ્રોજેક્ટમાં સહભાગી તમામ સંસ્થાઓ તથા કેન્દ્ર અને રાજયના વિભાગોને અભિનંદન પાઠવતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ આધુનિક સિસ્ટમ વડાપ્રધાનશ્રીના 'મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ'ના મંત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરે છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ આજે દેશના ૮૧ કરોડ લોકોને સરકાર દ્વારા વિનામૂલ્યે રાશન આપવામાં આવી રહ્યું છે. તેમને ખાદ્ય સુરક્ષા મળી રહી છે, જે હવે ડિજિટલ અને પારદર્શી બની છે.

કાર્યક્રમ દરમિયાન શુભારંભ કરવામાં આવેલ ગ્રેઈન એટીએમ, અન્ન આપૂર્તિ મશીન અને કઠોળના નવા પેકિંગ તથા ગરિમા પોષણ સહિતના પ્રકલ્પોનો ઉલ્લેખ કરીને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ તેને ગરીબોને અન્ન સુરક્ષા આપવામાં વિવિધ ક્રાંતિકારી પહેલ ગણાવી હતી.

આ વિશે વધુમાં વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, અન્નપૂર્તિ મશીન દ્વારા માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજનું વિતરણ શક્ય બનશે, જે વજન, મૂલ્ય અને ગુણવત્તાની દ્રષ્ટિએ સંપૂર્ણ સચોટ હશે. આધાર બેઈઝ્ડ બાયોમેટ્રિક પ્રણાલી, CBDC અને રિઝર્વ બેંકની પેમેન્ટ સિસ્ટમ સાથે સંકલિત આ વ્યવસ્થા આગામી ત્રણ-ચાર વર્ષમાં સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. જેથી દેશભરમાં ગરીબોને તેમના હકનું ગુણવત્તાયુક્ત રાશન તેમના સમયે સંપૂર્ણ પારદર્શિતા સાથે પ્રાપ્ત થશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વિવિધ યોજનાઓના સફળ અમલીકરણ થકી ગરીબ અને છેવાડાના નાગરિકોનો સર્વાંગી વિકાસ થયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૪ કરોડ ઘરોનું નિર્માણ, ૧૩ કરોડ ઘરોમાં નલ સે જલ જોડાણ, અંદાજિત ૧૩ કરોડ ઘરોમાં ગેસ સિલિન્ડર અને ૧૨ કરોડ ઘરોમાં શૌચાલયની ઉપલબ્ધતા અને ૨.૯૧ કરોડ મહિલાઓ લખપતિ દીદી બની છે, જે સરકારની યોજનાઓ અને અભિયાનોની સફળતા દર્શાવે છે. આ ઉપરાંત તેમણે પીએમ સ્વનિધિ યોજના જેવી વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કરીને તેની સફળતાના આંકડા દર્શાવ્યા હતા. લોકોને વિકાસની મુખ્ય ધારામાં સાંકળવામાં અને તેમને ગરીબીમાંથી બહાર લાવવા માટે આ યોજનાઓ મહત્વની બની છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ખેડૂતો અને પશુપાલકોના હિતોના રક્ષણ માટે ગૃહમંત્રીશ્રીએ મક્કમતાપૂર્વક જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર ખેડૂતોના કલ્યાણ માટે હરહંમેશથી પ્રતિબદ્ધ છે. છેલ્લા એક દાયકામાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે અનાજની ખરીદીમાં ૧૫ ગણો વધારો થયો છે અને કૃષિ બજેટ પણ રૂ. ૨૬,૦૦૦ કરોડથી વધારીને રૂ. ૧,૨૯,૦૦૦ કરોડ સુધી પહોંચાડવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય વ્યાપાર સમજૂતીઓ (FTA)માં પણ ભારતના ડેરી, કૃષિ અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રને સંપૂર્ણ સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે, જેનાથી ભારતીય ઉત્પાદનો માટે વિશ્વના બજારો ખુલશે.

અંતમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ CBDC અને પારદર્શક વિતરણ વ્યવસ્થાના પાયલોટ પ્રોજેક્ટ માટે ગુજરાતની પસંદગી કરવા બદલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી અને ગુજરાત સરકારને અભિનંદન પાઠવી આ લીક-પ્રૂફ સિસ્ટમને વિકસિત ભારતનો બ્લુ પ્રિન્ટ ગણાવ્યો હતો.

**● મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં "જે કહેવું તે કરવું"ના મંત્ર સાથે દેશમાં જનકલ્યાણનો નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ GYAN એટલે કે, ગરીબ, યુવા, મહિલા અને અન્નદાતાના સશક્તિકરણ દ્વારા વિકસિત ભારતના નિર્માણનો મજબૂત પાયો નાખ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ટેક્નોલોજીના પરિવર્તનકારી પ્રભાવનો ઉલ્લેખ કરતા કહ્યું કે, એક સમયે ડિજિટલ પેમેન્ટ અંગે ઉદભવેલી શંકાઓને દૂર કરીને આજે ભારતે વિશ્વમાં સૌથી મોટા UPI યુઝર તરીકે નામના મેળવી છે. DBT, જનધન, આધાર અને મોબાઈલની ત્રિવેણી તેમજ AI આધારિત ડેટાબેઝ કનેક્ટિવિટીને કારણે સરકારી યોજનાઓના લાભ હવે સીધા અને પ્રામાણિકતાથી લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યા છે. આહાર, આવાસ, આરોગ્ય અને આવકના સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરવાને પરિણામે જ છેલ્લા એક દાયકામાં દેશના ૨૫ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં હવે અનાજ મેળવવા માટે 'ગ્રેઈન ATM' કાર્યરત થશે. આ ATM દ્વારા માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજનું વિતરણ શક્ય બનશે અને તે ૨૪ કલાક કાર્યરત રહેશે. આ સુવિધાથી ખાસ કરીને શ્રમિકો અને મજૂર વર્ગ તેમના કામકાજના કલાકો પછી પણ ગમે ત્યારે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ મળવાપાત્ર ઘઉં, ચોખા અને દાળ મેળવી શકશે, જે છેવાડાના માનવીના સશક્તિકરણની દિશામાં મોટું પગલું પૂરવાર થશે. CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ ટેક્નોલોજીના માધ્યમથી લાભાર્થીઓને ડિજિટલ ટોકન દ્વારા સબસિડી, વસ્તુનું વજન અને તેની કિંમતની સચોટ જાણકારી મળશે. આ ડિજિટલ ટ્રેકિંગ અને મોનિટરિંગને કારણે યોજનાના લાભોમાં ૧૦૦ ટકા પારદર્શિતા આવશે અને 'સેચ્યુરેશન એપ્રોચ' એટલે કે દરેક પાત્ર લાભાર્થી સુધી પહોંચવાનો સરકારનો સંકલ્પ ખરા અર્થમાં સાકાર થશે.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, તાજેતરમાં જ અમૂલ AI દ્વારા પશુપાલકોને AI ટેક્નોલોજી સાથે જોડ્યા બાદ હવે જાહેર વિતરણ વ્યવસ્થામાં ટેક્નોલોજીનો આ પ્રયોગ માઈલસ્ટોન સાબિત થશે. વડાપ્રધાનશ્રીના "સેવા હી સાધના"ના મંત્રને અનુસરીને, ટેક્નોલોજીના માધ્યમથી સમાજના અંતિમ વ્યક્તિ સુધી સુવિધાઓ પહોંચાડીને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' બનાવવાની દિશામાં રાજ્ય સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

**● ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી**

ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશીએ શિવરાત્રી નિમિત્તે સૌને શુભેચ્છાઓ આપતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં CBDC આધારિત આ માત્ર ટેક્નોલોજી એપ અને પોર્ટલ જ નથી પણ તમામ જરૂરિયાતમંદ અંદાજે ૮૦ કરોડ જેટલા લાભાર્થીઓને તેમનો અનાજ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થશે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ચાલતા વિશ્વના સૌથી મોટા ફુડ પ્રોગ્રામને આ નવીન પહેલથી વિશેષ બળ મળશે. અનાજ વિતરણ વ્યવસ્થાને આ ટેકનોલોજી સાથે જોડવી એક પડકાર હતો પણ 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાન અંતર્ગત આ કાર્ય ખૂબ સરળ બન્યું છે.

કેન્દ્રીય મંત્રી શ્રી જોશીએ જણાવ્યું હતું કે,દેશભરમાં રેશનકાર્ડનું ડિજિટલાઈઝેશન થવાથી 'વન નેશન, વન રાશન કાર્ડ'ની સંકલ્પના સાકાર થઈ છે. RBIની પહેલથી શરૂ થયેલી ડિજિટલ કૂપન દ્વારા લાભાર્થી કોઈપણ સમયે ગ્રેઈન ATM પર જઈને ઊઈ કોડ સ્કેન કરીને અનાજ મેળવી શકશે. આ સિવાય સાદો ફોન ધરાવતા લાભાર્થીને પણ SMS થકી OTP દ્વારા ATMથી અનાજની સુવિધા? આપવામાં આવશે.?

આ ટેકનોલોજીના અમલથી અંદાજે બેથી ત્રણ કરોડ ખોટા રાશન કાર્ડ રદ થયા છે. CBDC આધારિત વ્યવસ્થા શરૂ થવાથી સાચા લાભાર્થીને? જ તેનો? લાભ મળશે. આ અનાજની ડિજિટલ રકમ? લાભાર્થીના વોલેટમાં જમા થવાથી તેના દ્વારા સસ્તા અનાજની દુકાન અને ATM પરથી અનાજ ખરીદી શકાશે તેનો? અન્ય જગ્યાએ ઉપયોગ થઈ શકશે નહીં. આ ડિજિટલ આધારિત અનાજ વિતરણ પ્રક્રિયાનો ગુજરાતમાંથી સૌપ્રથમ પ્રારંભ થવાથી દેશના બાકીના રાજ્યોમાં પણ તેનો હકારાત્મક પ્રભાવ પડશે અને ડુપ્લીકેટ રાશનકાર્ડ પણ પોતાની રીતે નાબૂદ થશે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, સસ્તા અનાજ વિતરણમાં CBDC આધારિત વ્યવસ્થા એ સાબરમતી નદી કિનારે ગરીબી સામેનો 'ડિજિટલ સત્યાગ્રહ' સાબિત થશે જેથી કાળા બજાર પર પણ? વધુ રોક આવશે અને જરૂરિયાતવાળા લાભાર્થી સુધી ઝડપી અનાજ પહોંચશે. આ પ્રયોગનો સમગ્ર દેશમાં આગામી સમયમાં અમલ કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

**● નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દેશની ડિજિટલ કરન્સી ગરીબની થાળી સુધી અનાજ પહોંચાડશે. આજે ગુજરાતની ધરતી પર ફરી એકવાર ઈતિહાસ સર્જાવા જઈ રહ્યો છે. આપણે સૌ એક એવી ક્રાંતિના સાક્ષી બનવા જઈ રહ્યા છીએ, જે માત્ર ગુજરાતની જ નહીં પરંતુ સમગ્ર ભારતની જાહેર વિતરણ વ્યવસ્થાની દિશા અને દશા બદલી નાખશે.

શ્રી સંઘવીએ ઉમેર્યું હતું કે, ભારત જેવા વિશાળ દેશમાં 'અન્ન સુરક્ષા' હંમેશા એક મોટો પડકાર રહ્યો છે. ભૂતકાળમાં સરકારી અનાજ લાભાર્થી સુધી પહોંચતા પહેલા વચેટિયાઓની અને રેશનિંગની દુકાનો પર લાંબી કતારો જેવી સમસ્યાઓ જોવા મળતી હતી ત્યારે, CBDC આધારિત PDS પ્રોજેક્ટ આ તમામ સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવશે.

તેમણે ઉમેર્યું કે, સામાન્ય રીતે નવી ટેકનોલોજીનો પ્રથમ લાભ મોટા ઉદ્યોગપતિઓને મળતો હોય છે, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિત શાહના નેતૃત્વમાં ભારતે એક નવી રાહ ચીંધી છે. 'ડિજિટલ કરન્સી' જેવી આધુનિક ટેકનોલોજીનો સૌથી પહેલો ઉપયોગ ગરીબની થાળી સુધી ભોજન પહોંચાડવા માટે કરવામાં આવી રહ્યો છે. હવે, લાભાર્થીઓએ દુકાનદારની રાહ જોવાની જરૂર રહેશે નહીં. ૨૪ કલાકમાં ગમે ત્યારે ગ્રેઈન ATM પર જઈને માત્ર ૦૫ મિનિટમાં જ અનાજ મેળવી શકશે. આ વ્યવસ્થામાં વજનમાં ૧ ગ્રામનો પણ તફાવત નહીં પડે, જે 'ડિજિટલ ઈન્ડિયા'નું ઉત્તમ ઉદાહરણ છે. CBDC, ગ્રેઈન ATM અને બાયોમેટ્રિક મુક્તિ તરફ આગળ વધી રહેલું ગુજરાતનું આ મોડેલ આગામી સમયમાં સમગ્ર દેશ માટે પથદર્શક બનશે અને હકદારને તેનો હક, પારદર્શક રીતે અને કોઈપણ હેરાનગતિ વગર મળશે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મોના ખંધારે સ્વાગત ઉદબોધન કરતા સમગ્ર કાર્યક્રમ અને નવીન પ્રકલ્પોની વિગતવાર માહિતી આપી હતી. આ તકે તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરદર્શી નેતૃત્વ હેઠળ ભારત ડિજિટલ ક્રાંતિની દિશામાં આગળ વધી રહ્યો છે. ભારતની સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી એટલે કે ઈ-રૂપીની ઘોષણા સાથે દેશમાં આધુનિક ફિનટેકના નવા યુગની શરૂઆત થઈ હતી, જેનું નેતૃત્વ કરવા ગુજરાત સજ્જ થઈ રહ્યું છે.

આ અવસરે ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયા, ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, રાજ્ય મંત્રી શ્રી પી. સી. બરંડા, ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, વિવિધ સાંસદશ્રીઓ-ધારાસભ્યશ્રીઓ, ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગના સચિવ શ્રી સંજીવ ચોપરા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કાર્યકારી નિર્દેશક શ્રી પી. વાસુદેવ, પંજાબ નેશનલ બેંક-PNBના કાર્યકારી નિર્દેશક શ્રી ડી. સુંદરસન ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારી-કર્મચારીશ્રીઓ, અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

બેઠકમાં દેશભરમાં ૨ લાખ નવી MPACS, ડેરી અને મત્સ્ય સહકારી મંડળીઓની સ્થાપના સહિતની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા કરાશે

# કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને ૧૭મી ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે રાજ્યોના સહકાર મંત્રીઓની ઉચ્ચ સ્તરીય 'મંથન બેઠક' યોજાશે

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ બેઠકમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ સહભાગી થશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા અને સહકારી ક્ષેત્રને વધુ મજબૂત, પારદર્શક તથા આધુનિક બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને આગામી તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીશ્રીઓની એક ઉચ્ચ સ્તરીય 'મંથન બેઠક' યોજાશે.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીશ્રીઓ સાથે અધિક મુખ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી અને સચિવશ્રી સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. સહકાર મંત્રાલયની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા, અત્યાર સુધી થયેલી પ્રગતિનું મૂલ્યાંકન, સહકાર ક્ષેત્રે વિવિધ રાજ્યો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ પ્રયાસો અને અનુભવોના આદાન-પ્રદાન ઉપરાંત ભવિષ્ય માટે સંકલિત રોડમેપ તૈયાર કરવા માટે આ મંથન બેઠક એક સુયોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે.

બેઠકની ચર્ચાઓમાં દેશના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવાના હેતુથી ૨ લાખ નવી મલ્ટી-પર્પઝ પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ (MPACS), ડેરી તથા મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપનાની પ્રગતિનો સમાવેશ કરવામાં આવશે. તદુપરાંત, વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ આધુનિક ગોદામોના દેશવ્યાપી નેટવર્કને વિસ્તારવા, ખેડૂતો માટે સંગ્રહની સુધારેલી સુવિધાઓ, ભાવ સ્થિરતા અને બજારની વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવશે.

આ બેઠક નિકાસ, જૈવિક ખેતી અને ગુણવત્તાયુક્ત બિયારણ પુરવઠાના ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓને વધુ મજબૂત કરવા માટે નવી રચાયેલી ત્રણ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓ — નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL), નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL) અને ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL)માં રાજ્યોની ભૂમિકા, ભાગીદારી અને અપેક્ષાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

વધુમાં, રાજયના સહકારી કાયદાઓમાં સમયબદ્ધ સુધારા, ૯૭મા બંધારણીય સુધારાને અનુરૂપ મોડેલ કાયદા અપનાવવા, સહકારી ખાંડ મિલોની આર્થિક વ્યવહારક્ષમતા વધારવા, ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવું તેમજ અમૂલ અને NDDBના સહયોગથી નવી ડેરી સહકારી મંડળીઓની રચના અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

કઠોળ અને મકાઈના ઉત્પાદનને પ્રોત્સાહન, સહકારી બેંકોના વિવિધ પડકારોનું નિરાકરણ, શેર સર્વિસ એન્ટિટીઝ (SSE) અને અમ્બ્રેલા સ્ટ્રક્ચર્સને મજબૂત કરવા, સભ્યપદ અને જાગૃતિ અભિયાનનો વિસ્તાર કરવો અને અસરકારક મીડિયા પ્લાનિંગ વિકસાવવા જેવા વિષયો પણ બેઠકમાં વિચાર-વિમર્શનો ભાગ બનશે. આ ઉપરાંત, PACS અને RCS કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન, નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝનો ઉપયોગ, માનવ સંસાધન વિકાસ અને તાલીમ તથા નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)ની યોજનાઓના અમલીકરણ અંગે રાજ્યોની અપેક્ષાઓ પર પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

આ 'મંથન બેઠક' સહકારી સંઘવાદની ભાવનાને વધુ મજબૂત બનાવશે અને કેન્દ્ર તથા રાજ્યો વચ્ચે ગાઢ સંકલન વધારશે, જેનાથી સહકારી સંસ્થાઓ પાયાના સ્તરે સમૃદ્ધિ, રોજગાર નિર્માણ અને આત્મનિર્ભરતાનું શક્તિશાળી સાધન બનશે. - નિતિન રથવી

---

# મંદિરે દર્શન કરવા નીકળેલા ૫ મિત્રોના કરૂણ મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

શહેરના બહારના વિસ્તાર નેલમંગલા પાસે શનિવારે મધ્યરાત્રિએ એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. અહીં એક કાર અને કર્ણાટક રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (KSRTC) ની બસ વચ્ચે ભયાનક ટક્કર થઈ હતી. આ દુર્ઘટનામાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, કાર બેંગલુરુ તરફ જઈ રહી હતી. આ દરમિયાન અચાનક કાર ડિવાઈડર સાથે અથડાઈને સામેની લેનમાં પહોંચી ગઈ હતી. જેના કારણે સામેથી આવી રહેલી બસે કારને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે, કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય એક ઘાયલ યુવકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. મૃત્યુ પામેલા તમામ યુવાનોની ઉંમર ૧૭ થી ૨૨ વર્ષ વચ્ચે હતી. આ તમામ યુવાનો ડોડ્ડાબલ્લાપુરાના રહેવાસી અને મિત્રો હતા. રાહતની વાત એ રહી કે બસમાં સવાર તમામ ૪૩ મુસાફરો સુરક્ષિત છે. તેઓને અન્ય બસ દ્વારા આગળની મુસાફરી માટે રવાના કરવામાં આવ્યા હતા. મદનાયકનહલ્લી પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. કાર સંપૂર્ણપણે ચકનાચૂર થઈ ગઈ છે. જેના પરથી પોલીસને આશંકા છે કે કારની ઝડપ ખૂબ વધારે હતી અને ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવ્યું હતું.

જોઈન્ટ પોલીસ કમિશનર કાર્તિક રેડ્ડીએ જણાવ્યું કે, અકસ્માતના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ એ પણ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે શું કારમાં સવાર યુવાનો નશામાં હતા? આ માટે લોહીના નમૂના લેબમાં મોકલવામાં આવ્યા છે. મૃતકો પૈકીની એકની માતાએ જણાવ્યું કે તેનો પુત્ર મંદિરે જવાનું કહીને મિત્રો સાથે ઘરેથી નીકળ્યો હતો. તે સીસીટીવી કેમેરા ઓપરેટર તરીકે કામ કરતો હતો. માતાને એ જાણકારી નહોતી કે કાર કોની હતી.

---

એપસ્ટિનના વિમાને યુકેમાં ૯૦થી વધુ વાર લેન્ડિંગ કર્યું હતું

# એપસ્ટિન ફાઈલ્સઃ પ્રિન્સ એન્ડ્રૂ માટે રોયલ પેલેસમાં છોકરીઓ મોકલાતી

જેફરી એપસ્ટિન સંબંધિત સેક્સ ટ્રાફિકિંગ કૌભાંડમાં ૩૦ લાખથી વધુ ફાઈલોમાં રોજેરોજ સનસનીખેજ ઘટસ્ફોટ થઈ રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

જેફરી એપસ્ટિન સંબંધિત સેક્સ ટ્રાફિકિંગ કૌભાંડમાં ૩૦ લાખથી વધુ ફાઈલોમાં રોજેરોજ સનસનીખેજ ઘટસ્ફોટ થઈ રહ્યા છે. આ ફાઈલોમાં બ્રિટનના 'પ્રિન્સ એન્ડ્રૂ' અને એપસ્ટિન વચ્ચેના ગાઢ સંબંધ અને બાળકીઓના શોષણની અનેક વિગતો બહાર આવી છે, જેના કારણે બ્રિટનમાં તેમના સામે ઊંડી તપાસની માંગ ઉગ્ર બની રહી છે. આરોપ છે કે, એપસ્ટિન દ્વારા સંચાલિત ખાનગી વિમાન 'લોલિતા એક્સપ્રેસ'માં વિશ્વના વિવિધ દેશોમાંથી યુવતીઓને યુકે લઈ જવાતી અને એન્ડ્રૂ માટે સીધી રાજવી મહેલ 'બકિંગહામ પેલેસ'માં મોકલી દેવાતી. આવી ઘટના બે-ચાર વાર નહીં પરંતુ અનેકવાર બની હતી કારણ કે, 'લોલિતા એક્સપ્રેસ'એ યુકેમાં ૯૦થી વધુ વાર લેન્ડિંગ કર્યું હતું.

એપસ્ટિનના ખાનગી બોઈંગ ૭૨૭-૧૦૦ વિમાનને 'લોલિતા એક્સપ્રેસ' તરીકે ઓળખાતું. તેનો ઉપયોગ ગેરકાયદે પાર્ટીઓ અને મહિલાઓની તસ્કરી માટે થતો હોવાના આરોપ છે. તાજેતરના ફ્લાઈટ રેકોર્ડ્સ મુજબ આ વિમાન યુકેમાં લગભગ ૯૦ વખત લેન્ડ થયું હતું. વર્ષ ૨૦૦૮માં એપસ્ટિન બાળકોના જાતીય શોષણને લગતા ગુનામાં દોષિત જાહેર થઈ ચૂક્યો હતો. ત્યાર પછી પણ આ ફ્લાઈટ્સના યુકેના પ્રવાસ ચાલુ હતા, જેના કારણે પણ અનેક પ્રશ્નો સર્જાયા છે. વિમાન મુખ્યત્વે 'સ્ટેન્સ્ટેડ' એરપોર્ટ પર ઉતરતું અને પછી ત્યાંથી છોકરીઓને બીજા વિમાનમાં બેસાડીને નક્કી કરેલા સ્થળે મોકલાતી.

રાજવી મહેલમાં સંપૂર્ણ તપાસ વિના કોઈને પ્રવેશ નથી, પણ એન્ડ્રૂની (તેમનો પ્રિન્સ તરીકેનો હોદ્દો છીનવી લેવાયો છે) વગના કારણે એપસ્ટિનના વિમાન દ્વારા યુકે લવાયેલી યુવતીઓને બકિંગહામ પેલેસમાં કોઈપણ તપાસ વિના પ્રવેશ આપી દેવાતો. આ માટે 'મિસિસ વિન્ડસર' નામનો કોડ ઉપયોગમાં લેવાતો. કેટલાક મીડિયા અહેવાલો પ્રમાણે, એન્ડ્રૂ જ મહેલના સુરક્ષા કર્મચારીઓને ફોન કરીને કહેતા કે, 'મિસિસ વિન્ડસરને અંદર આવવા દેજો.' એટલે કર્મચારીઓએ કોઈ પણ પ્રકારની તપાસ કર્યા વિના યુવતીઓને અંદર જવા દેવી પડતી.

આરોપ છે કે, ઓછામાં ઓછી ચાર યુવતીએ 'મિસિસ વિન્ડસર' કોડ નેમ હેઠળ બકિંગહામ પેલેસમાં પ્રવેશ મેળવ્યો હતો, જેમાંની એક હતી વર્જિનિયા ગિફ્રે. એપસ્ટિન અને એના સાથીઓના કાળાકામ ઊઘાડા પાડવામાં વર્જિનિયા ગિફ્રેએ બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેનો આરોપ છે કે, તે ફક્ત સત્તર વર્ષની હતી ત્યારે તેને બકિંગહામ પેલેસ લઈ જઈને એન્ડ્રૂ સાથે સંબંધ બાંધવાની ફરજ પડાઈ હતી. એક વાર બકિંગહામ પેલેસમાં, એક વાર લંડનના કોઈક સ્થળે અને એક વાર એપસ્ટિનના ખાનગી કેરેબિયન ટાપુ પર, એમ ત્રણ અલગ અલગ સ્થળે ત્રણ વાર એન્ડ્રૂ સાથે સંબંધ બાંધવા તેને મજબૂર કરાઈ હતી. એન્ડ્રૂ ઉપરાંત તેને દુનિયાના અનેક પ્રભાવશાળી લોકો સુધી પહોંચાડાતી, એવો પણ તેનો આરોપ છે.

એપસ્ટિન ફાઈલને લગતા દસ્તાવેજો મુજબ, વર્ષ ૨૦૦૧માં એન્ડ્રૂએ એપસ્ટિન અને 'વેરા' નામની રશિયાની મોડેલને બકિંગહામ પેલેસમાં ડિનર માટે આમંત્રણ આપ્યું હતું. ઓગસ્ટ ૨૦૧૦માં એપસ્ટિને ઈરિના તરીકે ઓળખાવેલી ૨૬ વર્ષીય રશિયાની મહિલા સાથે એન્ડ્રૂની મુલાકાત કરાવવાની ઓફર પણ કરી હતી. જો કે, એન્ડ્રૂએ તમામ આરોપ નકારી કાઢ્યા છે. આ મામલે અત્યાર સુધીમાં બ્રિટિશ પોલીસે તેમની સત્તાવાર પૂછપરછ કરી નથી. બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ગોર્ડન બ્રાઉન સહિત અનેક નેતાઓએ આ મામલે પોલીસ તપાસ શરૂ કરવાની માંગ કરી છે, કેમ કે ફ્લાઈટ લોગ્સ અને ઈમેલ્સમાં પીડિતાઓના દાવાને સમર્થન આપતી વિગતો સામે આવી હોવાનું કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે, એન્ડ્રૂને મળવા માટે કયા દેશની કઈ યુવતી આવતી, તેની બ્રિટિશ સરકારને માહિતી જ નહોતી, જે યુકેની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. બકિંગહામ પેલેસ જેવા રાજવી સ્થળોની સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે. રાજવી પરિવારના એક સભ્યના લાભાર્થે યુકેનું તંત્ર કેટલી હદે બેજવાબદાર બની ગયું હતું, એ જાણીને જનતામાં ભારે અસંતોષ જોવા મળ્યો છે. તાજેતરના સર્વે મુજબ, આ કૌભાંડના કારણે બ્રિટનમાં રાજાશાહી માટેનું જનસમર્થન ઘટી ગયું છે. વધુ ને વધુ બ્રિટિશ નાગરિકો હવે રાજાશાહીથી મુક્તિ મેળવવાની તરફેણ કરવા લાગ્યા છે. બકિંગહામ પેલેસ તરફથી એવું નિવેદન અપાયું છે કે, જો પોલીસ તપાસ શરૂ કરે તો તેને સંપૂર્ણ સહકાર અપાશે. રાજ પરિવારના કેટલાક સભ્યોએ પીડિતો પ્રત્યે સહાનુભૂતિ પણ વ્યક્ત કરી છે. જો કે, એન્ડ્રૂ હવે સક્રિય રાજવી સભ્ય નથી રહ્યા. એપસ્ટિન સાથેના સંબંધોને કારણે તેમની કેટલીક રાજવી ઉપાધિ અને અધિકારો પાછા ખેંચી લેવાયા છે. તેમના પરના ગંભીર આરોપોને કારણે રોયલ બ્રિટિશ ફેમિલીની શાખને કાળો ધબ્બો લાગ્યો હોવાનું કહેવાય છે. ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ વર્જિનિયા ગિફ્રેએ પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં તેના નિવાસસ્થાને આત્મહત્યા કરી હતી. તેના પરિવારે જણાવ્યું હતું કે, વર્જિનિયા લાંબા સમયથી ભૂતકાળના યૌન શોષણના અનુભવને કારણે ઊંડા માનસિક અને ભાવનાત્મક આઘાત સાથે સંઘર્ષ કરી રહી હતી. લાંબી કાનૂની લડાઈઓ, જાહેર ચર્ચા અને સતત મીડિયા દબાણને કારણે એ પરેશાન હતી. જો કે, ઓસ્ટ્રેલિયાના સત્તાવાળાઓએ વર્જિનિયાના મૃત્યુમાં કોઈ ગુનાઈત કાવતરાની સંભાવના નકારી દીધી હતી.

### માતા-ભાભીની સારવાર માટે પત્ની આવી હતી

## પિયર આવેલ પત્ની ઘરે પરત નહીં આવતા પતિએ સસરાને પતાવી દીધા

### ઈબ્રાહિમ મન્સૂરીએ તેના ભાઈ મુસ્તુફા મન્સૂરી સાથે મળીને પોતાના સસરા અઝીઝ મન્સૂરીની હત્યા કરી નાખી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સરખેજ, મણિનગર, વટવા બાદ હવે નારોલમાં પણ હત્યાનો બનાવ સામે શહેરમાં હત્યાનો સિલસિલો યથાવત્ જોવા મળી રહ્યો છે. આ વખતે એક યુવકે તેના ભાઈ સાથે મળીને પોતાના સસરાની હત્યા નિપજાવી છે. માતાની સારવાર અને ભાભીની ડિલિવરી માટે પિયરમાં આવેલ પત્નીને પરત સાસરીમાં લઈ જવા માટે આવતા આ યુવકને(જમાઈને) તેના સસરા સાથે બોલાચાલી થયા બાદ આ મામલો ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઘરના મોભીએ જીવ ગુમાવવાનો વખત આવ્યો છે.

વિગતે વાત કરીએ તો, અમદાવાદમાં ત્રણ-ત્રણ હત્યા બાદ ગઈકાલે રાત્રે નારોલ વિસ્તામાં બાગે કૌસર કેનાલ રોડ પર આવેલ ચિસ્તિયા પાર્કમાં વધુ એક ખુની ખેલ ખેલાયો છે. જ્યાં ઈબ્રાહિમ મન્સૂરી નામના યુવકે તેના ભાઈ મુસ્તુફા મન્સૂરી સાથે મળીને પોતાના સસરા ૬૦ વર્ષિય અઝીઝ મન્સૂરીને છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધા છે. ત્યારે સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નારોલમાં જમાઈ દ્વારા સસરાની હત્યા કરાઈ હોવાની ઘટના અંગે મળતી માહિતી મુજબ, ગઈકાલે ૧૪મી ફેબ્રુઆરીએ રાત્રિના સાડા આઠેક વાગ્યાની આસપાસ જમાઈ ઈબ્રાહિમ મન્સૂરી સાસરીમાં સ્થિત તેની પત્નીને લઈ જવા માટે ગયો હતો. જ્યાં સાસરીમાં પહોંચી તું કિતને દિન કા બોલ કે આઈથી, ઓર કિતને દિન હો ગયે. તેમ કહીને પત્ની સાથે બોલાચાલી કરવા લાગ્યો હતો.

આ બોલાચાલી દરમિયાન તેના સસરા અઝીઝભાઈએ તેઓને શાંતિથી વાત કરવાનું કહીને ઘરની પરિસ્થિતિ સમજવા માટે ટકોર કરી હતી. અઝીઝભાઈએ તેમના જમાઈ (આરોપીને)કહ્યું કે, મારી પત્ની(આરોપીની સાસુ)ને બંને કિડની ફેલ હોવાથી તેનું ઓપરેશન કરાવ્યું હતું. મારી પુત્રવધુ(આરોપીના સાળાની વહુએ) એ દીકરીને જન્મ આપ્યો છે. જેથી સંજોગો વસ દીકરીને(આરોપીની પત્ની)ને બંનેની સારસંભાળ માટે અહીં પિયર રોકી રાખી છે.

જોકે સસરાની આ વાત સાંભળીને જમાઈ ઈબ્રાહિમ મન્સૂરી ઉગ્ર બોલાચાલી કરી ત્યાંથી તે સમયે તો નીકળી ગયો હતો. પરંતુ થોડીવાર બાદ તે(ઈબ્રાહિમ મન્સૂરી) તેના ભાઈ મુસ્તુફા મન્સૂરી અને માતા નફીસા સાથે ફરીથી સસરા અઝીઝભાઈના ઘરે આવી પહોંચ્યો હતો અને ઝપાઝપી કરવા લાગ્યો હતો. દરમિયાન ઈબ્રાહિમની માતા નફીસાએ અઝીઝભાઈની પત્નીને ધક્કો મારી મારામારી શરૂ હતી.

તો બીજી તરફ ઈબ્રાહિમ મન્સૂરીના ભાઈ મુસ્તુફા મન્સૂરીએ અઝીઝભાઈના બે હાથ પકડી રાખ્યા હતા, ત્યાર જમાઈ ઈબ્રાહીમે પોતાની પાસે રહેલી છરીના કાઢી સસરા અઝીઝભાઈ પર આડેધડ ઘા મારવા લાગ્યો હતો, જેથી સસરા લોહિલૂહાણ હાલતમાં જ ઘરમાં ઢળી પડ્યા હતા અને મૃત્યું પામ્યા હતા. આમ હત્યાની ઘટનાને અંજામ આવ્યા બાદ ત્રણ નિપજાવી હતી. આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

બાદમાં સમગ્ર ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા અને પોલીસને જાણ કરી હતી, ત્યારે પોલીસને ઘટનાની જાણ થતા જ નારોલ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરીને હાલ સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે અને આગામી સમયમાં બંને આરોપીઓ પકડાઈ જાય તે માટે ચક્રોગતીમાન કર્યા છે.

### AAP નેતા મહેશ કોટડીયાનો અનશન છઠ્ઠો દિવસ, કેમિકલ છોડતા ઉદ્યોગો સામે ઉગ્ર કાર્યવાહીની માંગ

## ભાદર નદી પ્રદૂષણ મામલે AAPનું આક્રમક વલણ, ઉમરકોટ ખાતે 'ભાદર બચાવો' સભા યોજાઈ

### AAP નેતા ધાર્મિક માથુકિયા, દિલીપ ભુવા,મનોજ પારઘી સહિતના અનેક આગેવાનોએ સભામાં હાજરી આપી

અમદાવાદ/રાજકોટ/ગુજરાત

ભાદર નદીમાં વધતા કેમિકલ પ્રદૂષણ સામે આમ આદમી પાર્ટી દ્વારા "ભાદર બચાવો" અભિયાનને આજે બીજા દિવસ વધુ તેજ કરવામાં આવ્યું છે. કેમિકલ પ્રદૂષણ મામલે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે આમ આદમી પાર્ટીના નેતા મહેશ કોટડીયા છેલ્લા ૬ દિવસથી અડીખમ ઉપવાસ પર બેઠા છે. તેમના આંદોલનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે. ભાદર નદીના કાંઠા વિસ્તારના પ્રદૂષણથી અસરગ્રસ્ત ગામોમાં પક્ષના યુવા નેતા અને આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAP પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાની આગેવાનીમાં આજે અભિયાનના બીજા દિવસે ડોર-ટુ-ડોર સંપર્ક અભિયાન અને જનસભાઓ યોજાઈ. આજે ઉમરકોટ અને વેગડી ગામમાં "ભાદર બચાવો" સભાઓ યોજાઈ હતી, જેમાં ASAP પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયા, દિલીપ ભુવા, મનોજ પારઘી સહિતના અનેક આગેવાનોએ હાજરી આપી હતી અને સિવાય સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી પોતાની વ્યથા વ્યક્ત કરી હતી.

આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAP પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ આ મુદ્દે જણાવ્યું હતું કે જેતપુરના સાડી ઉદ્યોગોમાંથી છોડાતા કેમિકલયુક્ત પાણીના કારણે ભાદર નદી ગંભીર રીતે પ્રદૂષિત બની રહી છે. તંત્ર પણ આ મુદ્દે વારંવાર આંખ આડા કાન કરી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. તેના પરિણામે જેતપુર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતોને ભારે પાક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. ઉપરાંત, પીવાના પાણીમાં કેમિકલ મિશ્રણ થવાથી લોકોના આરોગ્ય પર ગંભીર અસર થતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. આ મુદ્દે અગાઉ પણ અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે પરંતુ કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી જેના કારણે સામાન્ય લોકોને અને ખાસ કરીને ખેડૂતોને ખૂબ જ નુકસાન થઈ રહ્યું છે. જેતપુર તાલુકા પ્રમુખ દિલીપભાઈ ભુવા દ્વારા મુદ્દાને ઉજાગર કરી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી પણ જેતપુર પહોંચીને આંદોલનને સમર્થન આપ્યું હતું. વધુમાં યુવા નેતા ધાર્મિક માથુકિયાએ સ્પષ્ટ જણાવ્યું છે કે, અહીંયાના સ્થાનિક લોકો, ખેડૂતો અને આમ આદમી પાર્ટીની મુખ્ય માંગણીઓ છે કે ભાદર નદીમાં છોડાતા કેમિકલને તાત્કાલિક રોકવામાં આવે. બીજી માંગ છે કે પ્રદૂષણ ફેલાવવા માટે જવાબદાર ઉદ્યોગો સામે કડક કાનૂની કાર્યવાહી કરવી. આ સિવાય અમારી માંગ છે કે, પાક નુકસાન પામેલા ખેડૂતોને યોગ્ય વળતર આપવામાં આવે. અને છેલ્લી માંગ છે કે, અસરગ્રસ્ત વિસ્તારોમાં શુદ્ધ પીવાનું પાણી તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે. પર્યાવરણ અને ખેડૂતોના જીવન સાથે કોઈપણ પ્રકારનું સમાધાન સ્વીકાર્ય નથી. નદી, જમીન અને લોકોના આરોગ્યના પ્રશ્ને ન્યાય ન મળે ત્યાં સુધી આમ આદમી પાર્ટીની લડત અવિરત ચાલુ રહેશે.

### માસ્ટર માઈન્ડની ધરપકડ

## મુન્દ્રાના જ્વેલર્સમાં લૂંટના પ્રયાસના ગુનાનો ભેદ ઉકેલાયો

### સમગ્ર કેસમાં મૂળ રાજસ્થાનના અને ભુજમાં રહેતા ગુનાના માસ્ટર માઈન્ડની ધરપકડ કરી લીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

કચ્છના મુન્દ્રામાં ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બારોઇ રોડ પર આવેલા રૂદ્રાક્ષ જ્વેલર્સમાં બંદૂકધારી શખસોએ લૂંટનો પ્રયાસ કર્યો હતો. સોનાના દાગીના લૂંટ કરતાં વેપારીએ હિંમત દાખવીને એક શખસને દબોચ્યો હતો અને પોલીસને હવાલો કર્યો હતો. પોલીસે આરોપીની રિમાન્ડ મેળવી પૂછપરછ કરતાં અનેક ખુલાસા થયા હતા. સમગ્ર કેસમાં મૂળ રાજસ્થાનના અને ભુજમાં રહેતા ગુનાના માસ્ટર માઈન્ડની ધરપકડ કરી લીધી છે.

પોલીસ તપાસ અનુસાર, મુન્દ્રામાં જ્વેલર્સની દુકાનમાં લૂંટ કરવા આવેલા ચાર શખસોમાંથી મૂળ મધ્યપ્રદેશના પંકજ શર્મા ઉર્ફે ધોલુ પંડિતની પોલીસ ધરપકડ કરી હતી. પોલીસે પંકજની ૧૦ દિવસના રિમાન્ડ મેળવી સઘન પૂછપરછ કરતાં કેસનો ભેદ ઉકેલાયો છે. જેમાં ભુજના જીઆઈડીસી હંગામી આવાસમાં રહેતા ગીતમસિંહ હિરાસિંહ ઠાકુર (ઉં.વ.૪૧)ની સંડોવણી હોવાનું બહાર આવતા પોલીસે ગીતમની ધરપકડ કરી હતી.

ગીતમસિંહ મૂળ રાજસ્થાનના ધોલપુરનો વતની છે. થોડા વર્ષો પહેલો રાજસ્થાનમાં કૌટુંબિક તકરારમાં હત્યાના પ્રયાસ અને રાયોટિંગના ગુનામાં પોલીસે ગીતમની ધપકડ કરીને જેલ હવાલે કર્યો હતો. આ દરમિયાન ધોલપુર જેલમાં આરોપી પંકજ શર્મા સાથે તેની મિત્રતા થઈ હતી. ભુજમાં આશરે વીસેક વર્ષથી સ્થાયી ગીતમ કેટરિંગ કોન્ટ્રાક્ટરનું કામ કરતો હતો. જેલમાં પંકજ સાથે મુલાકાત બાદ તેઓ એકબીજાના સંપર્કમાં હતા. આમ, બંનેએ સાથે મળીને મુન્દ્રામાં જ્વેલર્સ લૂંટવાનો પ્લાન કર્યો હતો. આ પછી પંકજે લૂંટ માટે દેશી તમંચા-પિસ્તોલની વ્યવસ્થા કરી અને તેના સાગરિત સતીષ સિકલવાર ઉપરાંત અન્ય બે સાગરિત મોન્ટુ પટેલ અને શિવો ઉર્ફે બચ્ચાં સાથે મળીને આખો પ્લાન બનાવ્યો હતો. ત્રણ મહિનાના લૂંટના આયોજન બાદ, ઘટનાના દિવસે ગીતમ ભુજથી તેની રિક્ષામાં અને બાકીના ચાર સાગરિતો બે બાઈક મારફતે મુન્દ્રા પહોંચ્યા હતા. લૂંટના પ્લાન પ્રમાણે ગીતમ ભોરારા પાટિયા પાસે રિક્ષા રાખીને ઉભો હતો અને અન્ય ચાર સભ્યો લૂંટ કરીને આવે એટલે ત્યાંથી નાસી છૂટવાનું હતું. પરંતુ સોની પિતા પુત્રએ પ્રતિકાર કરતાં આખી બાજી પલટાઈ ગઈ હતી. જેમાં આરોપી પંકજ સોનીની પકડમાં આવી ગયો અને અન્ય ત્રણ આરોપી બાઈકમાં ભાગી ગયા હતા. જોકે, ભોરારા પાટિયા પાસે રાહ જોતો ગીતમ કોઈ ન આવતા ત્યાંથી ભુજ જતો રહ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આરોપી પંકજ પર અન્ય રાજ્યોમાં સશસ્ત્ર લૂંટના છથી સાત ગંભીર ગુના નોંધાયેલા છે. ઘટનાને અંજામ આપતા પહેલા આરોપીએ મુન્દ્રા જવા માટે ગીતમની મદદથી માધાપર જૂનાવાસની સનરાઈઝ સિટી સોસાયટીમાંથી એકસાથે બે બાઈક ચોરી કર્યા હતા.

### સુરત પર જીતની ડબલ જવાબદારી, સુરતથી શરૂ થયેલું અભિયાન હવે સમગ્ર ગુજરાતમાં મજબૂત : ગોપાલ રાય

## AAP ગુજરાત પ્રભારી ગોપાલ રાય અને નેતા મનોજ સોરઠીયાની આગેવાનીમાં સુરતમાં કાર્યકર્તા સમીક્ષા બેઠક યોજાઈ

### ૨૦૨૭ સુધી સંગઠનને મજબૂત બનાવવાનો સંકલ્પ, કાર્યકર્તાઓની મહેનતથી જીત સુનિશ્ચિત થશેઃ મનોજ સોરઠીયા AAP

અમદાવાદ/સુરત/ગુજરાત

આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની વિશેષ ઉપસ્થિતિમાં સુરતમાં કાર્યકર્તા સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે જણાવ્યું હતું કે જ્યારથી આમ આદમી પાર્ટીએ સુરતમાં પગ મૂક્યો, ત્યારથી સુરત પર જીતની ડબલ જવાબદારી આવી ગઈ છે. આ આજની વાત નથી.

સમગ્ર ગુજરાતમાં પહેલી સભા પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે સુરતમાં કરી હતી અને ત્યારથી સુરતના કાર્યકર્તાઓ સતત પોતાના અભિયાનને આગળ વધારતા રહ્યા છે. વિધાનસભા ક્ષેત્રોમાં ચહેરા બદલાયા, ઘણા લોકો સક્રિય બન્યા, કેટલાક નિષ્ક્રિય રહ્યા, છતાં સુરતે પોતાની જવાબદારી ક્યારેય છોડી નથી. તેમણે જણાવ્યું કે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં જીતની ઉજવણી થઈ ત્યારે સુરતે પોતાની જવાબદારી નિભાવી હતી. ભાજપ દ્વારા વિપક્ષના ધારાસભ્યોને તોડવાના પ્રયાસો થયા, કોંગ્રેસના ધારાસભ્યો પણ તૂટ્યા, છતાં ચૂંટણીમાં જનતાએ પોતાનો નિર્ણય આપ્યો. વિસાવદરની ચૂંટણીમાં પણ વિવિધ રાજકીય પરિસ્થિતિઓ વચ્ચે આમ આદમી પાર્ટીએ મજબૂત લડત આપી.

ગોપાલ રાયે સુરતના કાર્યકર્તાઓ અને પદાધિકારીઓને અભિનંદન આપતાં જણાવ્યું કે વિસાવદરની ચૂંટણી દરમિયાન સુરતના કાર્યકર્તાઓએ સક્રિય ભૂમિકા ભજવી અને સંગઠનની તાકાત દર્શાવી. વિરોધીઓના ગઢમાં જઈ લડવાની ક્ષમતા આમ આદમી પાર્ટી પાસે છે. તેમણે જણાવ્યું કે વિધાનસભા ચૂંટણી પછીથી સુરતના કાર્યકર્તાઓ સાથે સતત સંવાદ રહ્યો છે. સુરતના કાર્યકર્તાઓ હંમેશાં આગળ વધીને જવાબદારી નિભાવે છે. સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટી વિરોધ પક્ષની ભૂમિકામાં છે, તેથી સંગઠન પ્રત્યે અપેક્ષાઓ વધુ છે. નેતા પ્રતિપક્ષ અને અન્ય કાર્યકર્તાઓ પર સતત દબાણ રહે છે. વોર્ડના પ્રશ્નો, સંગઠનના કાર્યક્રમો, જનતાની માંગણીઓ અને વ્યક્તિગત જવાબદારીઓ, આ બધાની વચ્ચે કાર્યકર્તાઓ નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહ્યા છે.

આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે અલગ-અલગ ઝોન અને વોર્ડમાં કાર્યકર્તાઓ જે કામ કરે છે તેની સાથે મળીને સમીક્ષા થાય તો એકબીજાના કામમાંથી પ્રેરણા મેળવી વધુ મજબૂત રીતે આગળ વધી શકાય. આ હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સત્તામાં બેઠેલા લોકો આમ આદમી પાર્ટીથી ડરે છે. ભાજપ સામે લડતા અનેક કાર્યકર્તાઓ પર કેસો થયા, જેલમાં પણ ગયા, છતાં તેઓ તૂટ્યા નથી.

ગુજરાતની જમીન પર એક વૃક્ષ કાપશો તો હજારો ઉગશે, તેવી તાકાત કાર્યકર્તાઓમાં છે. આ પ્લેટફોર્મ પરથી ગુજરાતનું નવું નેતૃત્વ ઉભું થશે. તેમણે પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પ્રત્યે ગર્વ વ્યક્ત કરતાં જણાવ્યું કે તેમણે સામાન્ય લોકોને આ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. વધુમાં જણાવતા કહ્યું હતું કે આવનારી ચૂંટણી સેમિફાઈનલ સમાન છે અને કાર્યકર્તાઓની મહેનતે જ જીત સુનિશ્ચિત થશે. ૨૦૨૭ સુધી પાર્ટી વધુ મજબૂત બનશે અને સુરતમાં મેયર પદ જીતવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ગુજરાતની જનતા નવા વિકલ્પની શોધમાં છે અને ભાજપના શાસનથી લોકો થાકી ગયા છે. હવે માત્ર અંતિમ વ્યક્તિ સુધી પહોંચવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. તેમણે કાર્યકર્તાઓને અપીલ કરી કે સિસ્ટમેટિક આયોજન અને રણનીતિ સાથે કામ ચાલુ રાખવું. દરેક કાર્યકર્તા પોતાનો વિસ્તાર અને મતની જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળે તો પાર્ટીને આગળ વધતા કોઈ રોકી શકશે નહીં. શંકા કે સંશય રાખ્યા વિના સૌએ સમય આપવો અને સાથે મળીને લડશો તો આ જહાજ પોતાના લક્ષ્ય સુધી પહોંચશે અને તેમાં બેઠેલા સૌ સફળ થશે.

### ભાજપના જ ધારાસભ્યે ઉઠાવ્યા સવાલ

## સુરતમાં અશાંતધારાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન છતાં તંત્ર ચુપ કેમ ?

### ગોલવાડ વિસ્તારમાં અશાંતધારા નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છેઃ ધારાસભ્ય અરવિંદ રાણાએ સવાલ ઉઠાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતનો એક એવો વિસ્તાર જ્યાં અશાંતધારાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. તંત્રના જ હાથ પણ આ ઉલ્લંઘનમાં કાળા હોવાનો આરોપ ખુદ ધારાસભ્ય લગાવી રહ્યા છે. હિન્દુ બહુમતિવાળા આ વિસ્તારમાં હિન્દુઓ પલાયન કરવા લાગ્યા છે અને વિધર્મીઓ મિલકતો ખરીદવા લાગ્યા છે.

સુરતનો ગોલવાડ વિસ્તાર વર્ષોથી જરીકામ ઉદ્યોગ માટે જાણીતો અને મુખ્યત્વે હિન્દુ સમાજની વસતિ ધરાવતો વિસ્તાર છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી અહીં મિલકત ખરીદી વેચાણને લઈને પ્રશ્નો ઊભા થયા છે. ત્યારે સ્થાનિક ધારાસભ્ય અરવિંદ રાણાએ કલેક્ટરને લેખિત ફરિયાદ કરી છે. તેમનો આક્ષેપ છે કે અશાંતધારા લાગુ હોવા છતાં નિયમોને બાજુ પર રાખીને મિલકતોના દસ્તાવેજ થઈ રહ્યા છે અને તેમાં સ્થાનિક તંત્રની ભૂમિકા પણ શંકાસ્પદ છે.

ધારાસભ્યનો દાવો છે કે વિસ્તારની લોકસાંખ્યિક રચનામાં ધીમે ધીમે ફેરફાર થઈ રહ્યો છે, જેના કારણે કેટલાક સ્થાનિક રહેવાસીઓમાં અસંતોષ ફેલાયો છે. ધારાસભ્યનો આક્ષેપ છે કે દસ્તાવેજોમાં ગેરમાર્ગે દોરી માહિતી દર્શાવી મિલકતનું વેચાણ કરવામાં આવ્યું છે. પરંતુ તંત્ર તરફથી હજુ સુધી આ મામલે મગનું નામ મરી પાડવામાં આવ્યું નથી. ગોલવાડ વિસ્તારમાં વધતા વિવાદ વચ્ચે હવે રાજકીય તણાવ પણ વધી રહ્યો છે. ભાજપના જ ધારાસભ્યે પોતાની જ સરકારના તંત્ર સામે સવાલો ઉઠાવ્યા છે. હાલ પ્રશ્ન એ છે કે, શું અશાંતધારાના નિયમોનું પાલન થઈ રહ્યું છે, શું દસ્તાવેજોમાં ગેરરીતિ થઈ છે અને સૌથી મહત્વનો સવાલ એ છે કે શું પ્રશાસન પારદર્શક તપાસ કરશે ? હવે પ્રશાસન શું એકશન લે છે તે તો આવનાર સમય જ બતાવશે.

### જમીન માફિયા પર કસાયો સકંજો

## ૩૦૦ કરોડના કૌભાંડી વિનુ માલવિયા પર ઈકો સેલની તવાઈ

### ૩૦૦ કરોડની જમીન પચાવી પાડવા માટે આ ભેજાબાજે લોકોને તો ઠીક કોર્ટને પણ ગેરમાર્ગે દોરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના કુખ્યાત લેન્ડ ગ્રેબર વિનુ માલવિયાની પોલીસે ધરપકડ કરી લીધી છે. વિનુ માલવિયા કોઈ સામાન્ય ગુનેગાર નથી, તેની વિરુદ્ધ અગાઉ સુરતના વિવિધ પોલીસ સ્ટેશનોમાં જમીન પચાવી પાડવા અને બોગસ દસ્તાવેજો ઉભા કરવાના કુલ ૧૨ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. વારંવાર જેલની હવા ખાધી હોવા છતાં તેની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રહેતા પોલીસે આ વખતે વેસુની જમીન મામલે કડક હાથે કાર્યવાહી કરી છે.

વિનુ માલવિયાની જે કેસમાં ધરપકડ કરવામાં આવી છે, તેની વાત કરીએ તો સુરતના વેસુ વિસ્તારમાં આવેલી એક જમીન ભાગીદારી પેઢી સોમ રિયાલિટીના નામે નોંધાયેલી છે. જેને પડાવી લેવા માટે આરોપી વિનુ માલવિયા અને પ્રતુલ પટેલે કારસો રચ્યો. આ જમીન નવી શરતની હતી એટલે કલેક્ટરની મંજૂરી વિના વેચાણ થઈ શકે તેમ નહોતી. તેમ છતાં આરોપીએ વર્ષ ૨૦૦૧ની જૂની તારીખના સ્ટેમ્પ પેપર મેળવી બોગસ લખાણ કર્યા.

જમીન પડાવી લેવા માટે સાટાખત બનાવી પોલીસ અને કોર્ટને ગેરમાર્ગે દોરી. જમીન હડપવા માટે મૂળ જમીન માલિકોની બોગસ સહી અને કેટલાક પક્ષકારો પાસે કોરા કાગળમાં સહી પણ કરાવવામાં આવી. આરોપીએ બનાવટી દસ્તાવેજો બનાવવાની સાથે કોર્ટમાં ચાલતા કેસમાં ખોટા સોગંદનામા અને પુરાવા રજૂ કર્યા. વિનુ માલવિયાએ માત્ર ૬ લાખ રૂપિયાના નજીવા અવેજવાળા અને નોટરી વગરના સાટાખત ઉભા કરીને કરોડોની આ જમીન પર દાવો માંડ્યો હતો.તંત્રને છેતરવાનો અને કરોડોનો ચૂનો લગાવવાનો પ્લાન તો વિનુ માલવિયાએ કર્યો, પરંતુ તેની સામે ફરિયાદ થઈ અને ભાંડો ફૂટી ગયો. ૧૨ જેટલા ગુનાઓમાં સંડોવણી હોવા છતાં તે છટકબારીઓ શોધવામાં માહેર હતો, પરંતુ ૩૦૦ કરોડના જમીન કૌભાંડમાં મજબૂત પુરાવાઓ મળતા પોલીસે તેની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. કાયદાકીય દાવપેચ રમીને ગેરકાયદે કામ કરતો વિનુ માલવિયા હવે પોલીસના સકંજામાં છે. વિનુ માલવિયા સામે જમીન પચાવી પાડવાના પ્રયાસ બદલ અનેક ફરિયાદો થઈ છે. આ કેસમાં વિનુ માલવિયા સામે મજબૂત પુરાવાઓ મળતા પોલીસને તેને કાયદાનું ભાન કરાવશે તે નક્કી છે. આ સાથે વિનુ માલવિયાના મદદગારો પર પણ તવાઈ બોલાવવામાં આવી શકે છે. વિનુ માલવિયાની ધરપકડ કરીને પોલીસે સ્પષ્ટ કરી દીધું છે કે, કોઈપણ લેન્ડ માફિયાને બક્ષવામાં નહીં આવે.

### બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યો ગિરનાર

## મહાશિવરાત્રીના મેળામાં ઉમટ્યું આસ્થાનું ઘોડાપુર

### ભક્તિ, ભજન અને સેવાભાવના માહોલ વચ્ચે સાધુ-સંતોના દર્શન, ભક્તો માટે ભોજન-પાણીની વ્યવસ્થા

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

જ્યાં શિવ અને જીવનું અનોખું મિલન થાય છે, તે ગરવા ગઢ ગિરનારની ગોદમાં લાખો શ્રદ્ધાળુઓ હર હર મહાદેવના જયકારો કરી રહ્યા છે. ૧૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલો આ પાંચ દિવસીય મહામેળોમાં આસ્થાનું ઘોડાપુર ઉમટ્યું હતું. મિની કુંભ તરીકે ઓળખાતા મહાશિવરાત્રીના આ મહામેળામાં ભક્તિ, ભજન અને ભોજનનો અદ્ભુત સમન્વય જોવા મળી રહ્યો હતો. ૧૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ મહામેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. હાથમાં ત્રિશૂલ, હોઠ પર હર હર મહાદેવનો નાદ અને હૃદયમાં અખંડ શ્રદ્ધા દરેક ક્ષણ ભક્તિથી ભીંજાઈ છે, દરેક ચહેરા પર ભોળાનાથના દર્શનની આતુરતા ઝળહળી રહી છે. આ મેળાનું હૃદય હોય તો તે આ સાધુ-સંતો છે. વર્ષમાં માત્ર એકવાર દર્શન આપતા આ વિરક્ત મહાત્માઓ કોઈ વર્ષોથી એક પગ પર તપમાં લીન, કોઈ મૌન વ્રતથી સંસારથી પર જોવા મળે છે. ભગવાન શિવ પ્રત્યેની તેમની અડગ ભક્તિ ભક્તોને ચકિત કરી દે તેવી છે.

અહીં ભક્તિ સાથે સેવાનો પણ મહાયજ્ઞ ચાલી રહ્યો છે. સેવાભાવી સંસ્થાઓ દ્વારા હજારો ભક્તો માટે ભોજન, પાણી અને આરોગ્યની સુવિધા કરવામાં આવી છે. વહીવટી તંત્રની સુવ્યવસ્થિત તૈયારીઓથી મેળાનો રંગ દીપી ઉઠ્યો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ભોળાનાથની ભક્તિમાં લીન જોવા મળ્યા.

તેમણે મેળાની વ્યવસ્થાનો તાગ મેળવ્યો હતો અને શિવ ભક્તોની સાથે નાયબ મુખ્યમંત્રી પણ શિવ ભક્તિમાં તલ્લીન થયા હતા. ગરવા ગઢ ગિરનારની ગોદમાં મહાશિવરાત્રીનો આ મહામેળો માત્ર એક ઉત્સવ નથી, પરંતુ આત્માને અધ્યાત્મ સાથે જોડતો અદ્વિતીય અનુભવ છે.

### ઘટનામાં એકનું મોત બે લોકો ઈજાગ્રસ્ત

## સુરતઃ લસકાણામાં કાળમુખી ટ્રકે મોપેડને હડફેટે લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના લસકાણા વિસ્તારમાં રવિવારે (૧૫મી ફેબ્રુઆરી) ભયાનક અકસ્માત સર્જાયો હતો. ગઢપુર વાય જંકશન નજીક પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રકે મોપેડ પર સવાર એક જ પરિવારના ત્રણ સભ્યોને ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ૭૨ વર્ષીય વૃદ્ધાનું તેમના જ ભાઈની નજર સામે મોત નીપજતા પરિવારમાં માતમ છવાઈ ગયો છે. મળતી માહિતી અનુસાર, મૂળ ભાવનગરના મહુવા તાલુકાના લોંગડી ગામના વતની અને હાલ સુરતના નાના વરાછામાં રહેતા ૬૮ વર્ષીય મનુભાઈ સવાણી તેમના ૬ વર્ષીય પૌત્ર હિયાન સાથે મોપેડ પર તેમની ૭૨ વર્ષીય બહેન સરોજબેન પટેલને મળવા ગયા હતા. બહેનને મળીને જ્યારે મનુભાઈ તેમની બહેન અને પૌત્રને મોપેડ પર બેસાડી પરત ફરી રહ્યા હતા, ત્યારે ગઢપુર વાય જંકશન પાસે શિવાંત હાઈટ્સ સામે પાછળથી આવતા એક અજાણ્યા ટ્રકે તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતા જ ત્રણેય વ્યક્તિઓ રોડ પર પટકાયા હતા, જેમાં સરોજબેન ટ્રકના પાછળના ટાયર નીચે આવી ગયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે હાજર અન્ય મહિલાઓએ ભારે હિંમત બતાવી હતી. લોહીલુહાણ હાલતમાં પડેલા સરોજબેનને મહિલાઓએ પોતાની ઓઢણીની ઝોળી બનાવી ઉચક્યા હતા અને ખાનગી કારમાં હોસ્પિટલ ખસેડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સ આવી પહોંચતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યું હતું.

અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક પોતાનું વાહન મૂકીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. મનુભાઈ સવાણીની ફરિયાદના આધારે પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ટ્રક નંબરના આધારે ચાલકને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## અમદાવાદના થલતેજમાં યુવતીએ પ્રેમીના ત્રાસથી કંટાળી આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પોશ ગણાતા એસ.જી. હાઈવે નજીક આવેલી જાણીતી હોટલમાં વેઈટર તરીકે કામ કરતી એક યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. થલતેજના અંબિકા નગરમાં ભાડાના મકાનમાં રહેતી આ યુવતીએ પોતાના જ સહકર્મચારી અને પ્રેમીના ત્રાસથી કંટાળી આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, મૂળ પશ્ચિમ બંગાળની વતની યુવતી છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદમાં એકલી રહીને એસ.જી. હાઈવે પર રાજપથ ક્લબ પાસેની હોટલમાં વેઈટર તરીકે નોકરી કરતી હતી. બે દિવસ પહેલા તેણે પોતાના ઘરે આપઘાત કર્યો હતો. ઘટનાની જાણ થતા જ કચ્છના ગાંધીધામથી તેના ભાઈ અને સગા-સંબંધીઓ અમદાવાદ દોડી આવ્યા હતા. મૃતક યુવતીના ભાઈએ જ્યારે તેની બહેનનો મોબાઈલ તપાસ્યો, ત્યારે WhatsApp ચેટમાં પ્રેમ પ્રકરણ અને માનસિક ત્રાસની ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે યુવતી તેની સાથે જ હોટલમાં નોકરી કરતા અસદઅલી શેખ નામના યુવક સાથે પ્રેમમાં હતી. અસદઅલી યુવતીને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપતો હોવાનું ચેટ પરથી સ્પષ્ટ થયું હતું. આ સતત થઈ રહેલા ઉત્પીડનથી કંટાળીને આખરે યુવતીએ અંતિમ પગલું ભરી લીધું હતું. ઘટનાની જાણ થતા જ બોડકદેવ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. શરૂઆતમાં અકસ્માતે મોતનો ગુનો નોંધ્યા બાદ, મૃતકના ભાઈની ફરિયાદ અને મોબાઈલના પુરાવાઓને આધારે પોલીસે આરોપી અસદઅલી શેખ સામે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે મોબાઈલ ફોન કબજે કરી ફોરેન્સિક તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરી છે અને આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.